# યુગવિભૂતિ
# પ્રમુખસ્વામી મહારાજ

# એ કોણ છે?

જગતના નાસ્તિકોની ટોળીના સરદાર કહી શકાય એવા પ્રસિદ્ધ બુદ્ધિવાદી યુરોપિયન લેખક સમરસેટ મોમ ભારત આવ્યા અને સંતહૃદયથી ભીંજાઈ ગયા, ત્યારે આસ્તિકોની મંડળીમાં ભળતાં એમણે લખ્યું: 'It is a mistake to think that those holy men of India lead useless lives. They are a shining light in the darkness. They represent an ideal that is a refreshment to their fellows. The common run may never attain it, but they respect it and it affects their lives for good. When a man becomes pure and perfect, the influence of his character spreads so that those who seek truth are naturally drawn to him.'

અર્થાત્, ભારતના મહાન સંતો નિરર્થક જીવન જીવે છે – એમ માનવું એ મોટી ભૂલ છે. તેઓ તો જગતના અંધકારમાં ઝળહળતા તેજપુંજ છે. સામાન્ય માનવ એમને, એમના આદર્શોને આદર આપે છે, ત્યારે એ માનવોના જીવન પર તેની ખૂબ મોટી શ્રેયકારી અસર પડે છે. એવા અત્યંત પવિત્ર અને પૂર્ણ ચારિત્ર્યવાન મહાપુરુષનો પ્રભાવ એટલો બધો પ્રસરે છે કે સત્યને શોધવા નીકળેલા લોકો આપોઆપ તેમના તરફ આકર્ષાય છે...

પ્રસિદ્ધ તત્ત્વચિંતક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ લખે છે: 'Today we live in the society not because of scientific inventions but becasue of the saints who live in the society.'

અર્થાત્ આજે આપણે સમાજમાં સુખશાંતિપૂર્વક જીવીએ છીએ એનું કારણ વૈજ્ઞાનિક આવિષ્કારો નથી, પરંતુ એવા સંતો જ છે, જેઓ આપણી વચ્ચે વિચરે છે.

વિશ્વભરના આવા અસંખ્ય ચિંતકોએ કે બુદ્ધિવાદીઓએ જે 'સંત' શબ્દમાં પોતાની આસ્થા રોપી છે, જ્યાં નાસ્તિકતા સહજતાથી ખરી પડે છે અને આસ્તિકતા મહોરી ઊઠે છે – એવા સંત કોણ છે?

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ભાગવતમાં કહે છે:

***'સાધવો હૃદયં મહ્યં સાધૂનાં તુ હૃદયં ત્વહમ્ ।'***

અર્થાત્ 'સંત મારું હૃદય છે અને હું સંતનું હૃદય છું' – આ પરમાત્મ-વચન સત્ય ઠરાવે એવા સંત કોણ છે?

શ્રીમદ્ ભગવદ્ગીતામાં જેમને માટે 'ગુણાતીત' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે કે જેમને 'સ્થિતપ્રજ્ઞ' કહીને બિરદાવવામાં આવ્યા છે એવા સંતપુરુષ કોણ છે?

રામચરિતમાનસમાં શ્રી રામચંદ્રજીની સ્તુતિ કરતાં ભક્તકવિ તુલસી-દાસજી સુંદરકાંડમાં લખે છે:

***કામ ક્રોધ મદ માન ન મોહા, લોભ ન ક્ષોભ ન રાગ ન દ્રોહા,***
***જિનકે કપટ દંભ નહિ માયા, તિનકે હૃદય બસહુ રઘુરાયા...***
***બંદઉં ગુરુપદપંકજ કૃપા સિંધુ નરરૂપ હરિ ।***
***મહા મોહ તમપુંજ જાસુ બચન રબિ કર નિકર ॥***

જ્યાં કામ, ક્રોધ, લોભ, મદ, માન, મોહ, રાગ, દ્વેષ, દંભ, કપટ, માયાનો પ્રવેશ નથી એવું, પરમાત્માને રહેવાનું નિવાસસમું સંતહૃદય કોણ છે?

તુલસીદાસજી જેને *'કૃપાસિંધુ નરરૂપ હરિ'* કહી વંદે છે એવા ગુરુદેવ કોણ છે?

શ્રીમદ્ભાગવત-વચન છે:

***'તસ્માદ્ ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્ ।***
***શાબ્દે પરે ચ નિષ્ણાતં બ્રહ્મણ્યુપશમાશ્રયમ્ ॥***

એવા ઉત્તમ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ કોણ છે, જે પોતાના આશ્રિત મુમુક્ષુઓને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિએ લઈ જવા માટે સક્ષમ હોય?

શ્રીમદ્ આદિ શંકરાચાર્ય લખે છે:

***'ગુરોરંઘ્રિપદ્મે મનશ્ચેન્ન લગ્નં તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્ ॥'***

જેમનાં ચરણોમાં શીશ સમર્પ્યું ન હોય તો જીવનની અનંત સિદ્ધિઓ નિરર્થક છે એવા પરમ ગુરુદેવ કોણ છે?

કબીરજી પોતાના પદમાં કહે છે:

***'સાહબકા ઘર સંતન માંહી, સંત સાહબ કછુ અંતર નાંહીં...'***

સંતકવિ નિષ્કુળાનંદજી પોતાના એક ભક્તિપદમાં કહે છે:

***'ધન્ય ધન્ય એ સંત સુજાણને જેનું ઊલટી પલટિયું આપ***
***સંત તે સ્વયં હરિ...'***

સ્વામી મુક્તાનંદજી સંતમહિમા કહેતાં લખે છે:

*'જી રે સંત મળ્યા તેને હરિ મળ્યા, એનો મહિમા રે વદે વેદ પુરાણ,*
*સાખ્ય પ્રગટ સંસારમાં, શુક નારદ રે પામ્યા પદ નિરવાણ,*
*દુર્લભ દર્શન સંતનાં...'*

હા, એવા અસંખ્ય બ્રહ્મ-અનુભવી ભક્તકવિઓએ જે સંતનો અપરંપાર મહિમા લખ્યો છે એ સંત કોણ છે ?

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતોમાં જણાવે છે :

*'એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.' (વચનામૃત સારંગપુર પ્રકરણ-૧૦)*

*'એવા જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને ઈચ્છીએ છીએ... તેનું દર્શન તો ભગવાનનાં દર્શનતુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે...' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૩૭)*

*'એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા... અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય તેણે એવા સંતની સેવા કરવી.'*
*(વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ-૨૬)*

હા, એવાં અસંખ્ય વચનામૃતો-પ્રસંગોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જેમનો અનંત મહિમા કહ્યો છે, એ સંત કોણ છે ?

એવા સંત જડે તો એને યુગવિભૂતિ જ કહેવા પડે.

જેમના દિવ્ય તેજથી યુગને અજવાળાં મળે, એવા એ સંત કોણ છે ?

# એ પ્રમુખસ્વામી મહારાજ છે...

ઇતિહાસ જેનો સાક્ષી છે,

ઉપનિષદ-વચનોથી લઈને ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો અને ભક્તકવિઓનાં કવનમાં જે સંતલક્ષણોની દુહાઈ દેવામાં આવી છે,

ભારતવર્ષના અનેક મૂર્ધન્ય સંતો જેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે,

દેશ-વિદેશના અસંખ્ય લોકોએ જેમના દિવ્ય વ્યક્તિત્વને નાણી નાણીને જેમાં અનન્ય સર્વોચ્ચ સંતપ્રતિભા નિહાળી છે,

એવા સંતવિભૂતિ એટલે,

સ્વામી નારાયણસ્વરૂપદાસ.

લોકહૈયે જડાયેલું નામ – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

પ્રમુખસ્વામી મહારાજ એટલે સંતોનાય સંત.

અઢારમી સદીના ઘોર સામાજિક ને નૈતિક અંધકારના સમયમાં વિના શસ્ત્રે જેમણે ગુજરાતમાં ક્રાંતિ કરીને સદાચારનાં અજવાળાં પાથર્યાં હતાં એવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના તેઓ પાંચમા આધ્યાત્મિક વારસદાર.

શુદ્ધ ઉપાસનાનાં વૈદિક મૂલ્યોની સ્થાપના કરીને અનંત મુમુક્ષુઓ માટે યુગો સુધી મોક્ષદ્વાર ખુલ્લું મૂકનાર એ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય વ્યક્તિત્વને અંજલિ આપતાં મહાત્મા ગાંધીજીએ કહ્યું છે: 'જે કાર્ય એક સહજાનંદજીએ ગુજરાતમાં કર્યું તે રાજદંડ ન કરી શક્યો અને નહીં જ કરી શકે.'

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર ચંદ્રવદન મહેતા કહે છે: 'સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને 'ગરવી' કહીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે એવું ગંદું હોત.'

'આજે જે ગુજરાતનું નામ સાંભળી, આપણું હૈયું ઊછળે છે તેને બદલે સહજાનંદ સ્વામી ન હોત તો, ગુજરાતનું નામ સાંભળતાં આપણને શરમના માર્યા નીચું જોવું પડત. એટલે આજે, ગુજરાતમાં જે સદાચાર છે, અહિંસા

છે, ગુજરાત ગુણવંતું છે, તેમાં શ્રી સહજાનંદ સ્વામીનો ફાળો જેવો-તેવો ન કહેવાય.'

'ગુજરાતને અધમ દશામાંથી ઉગારનાર અને અણીને વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર, અધમોદ્ધારક ને પતિતપાવન સહજાનંદજીને દરેક ગુજરાતીના વંદન છે. ગુજરાતનું તેજ ઝાંખું ન પડવા દેનાર, જ્યોતિર્ધર તરીકે શ્રી સહજાનંદજીનું સ્થાન પહેલી હરોળમાં જ છે.'

ભગવાન સ્વામિનારાયણે કરેલી આધ્યાત્મિક ક્રાંતિની એક વિશિષ્ટ બાબત એ હતી કે લોકશ્રેય માટે એમણે પોતે સ્થાપેલાં શાશ્વત મૂલ્યોનું પ્રવર્તન યુગો સુધી થતું જ રહે તે માટે તેમણે એવા ગુણાતીત સત્પુરુષની ચિરંજીવી પરંપરાની જગતને ભેટ આપી. એ સંત પરંપરા એમના અવતાર કાર્યનો વધુ સંગીન પુરાવો બની રહ્યો.

ભગવાન સ્વામિનારાયણના શુદ્ધ ઉપાસના અને લોકશ્રેયનાં કાર્યને દીપાવ્યું – તેઓના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એ સુકાન સોંપ્યું પ્રાગજી ભક્તને. જગતને આદર્શ સાધક અને સાધનાનું બેનમૂન ઉદાહરણ પૂરું પાડનાર બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તે શાસ્ત્રીજી મહારાજ (સ્વામી યજ્ઞપુરુષદાસજી) જેવા સિંહ સમા સંતને શ્રીહરિના કલ્યાણમાર્ગના સુકાની બનાવ્યા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(બી.એ.પી.એસ.)ની સ્થાપના કરી (સન ૧૯૦૭). અનેક કષ્ટોની કાંટાળી કેડી પર ચાલીને તેઓએ ઉપાસનાનાં ગગનચુંબી મંદિરોનાં નિર્માણ કર્યાં.

તેઓના અનુગામી યોગીજી મહારાજે તો ઊગતી પેઢીને આધ્યાત્મિક મોડ આપીને ધાર્મિક જગતમાં ક્રાંતિ કરી. વાત્સલ્યમૂર્તિ યોગીજીની પ્રેમવર્ષામાં લાખો લોકોએ અનુભવ્યું કે એ 'સાક્ષાત્ બ્રહ્મનો મૂર્તિમંત આનંદ' હતા. યોગીજી મહારાજે અનેક વખત ભક્તોને નિર્દેશીને કહ્યું હતું: 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.'

અફાટ આકાશ જેવા એ વિરાટ વ્યક્તિત્વના ધારકની જીવનયાત્રાનો આરંભ કેવો નમ્ર હતો! એમના સહજ નમ્ર વ્યક્તિત્વના પ્રતિબિંબ સમો!

એ વિશ્વપુરુષનું જન્મસ્થાન, વડોદરા જિલ્લાના પાદરા તાલુકાનું

ચાણસદ ગામ.

પિતા મોતીભાઈ, માતા દિવાળીબા.

ખેતી અને પ્રભુભક્તિ સિવાય આ પરિવારને જીવનનું બીજું કોઈ વિશિષ્ટ પાસું નહોતું. માગશર સુદ ૮, સંવત ૧૯૭૮, તા. ૭-૧૨-૧૯૨૧ના રોજ, આ નાના સરખા ગામમાં પંચાયતના ચોરાની સામેની ઢાળવાળી ગલીમાં ડાબા હાથે આવેલા પહેલા ઘરમાં નાના એવા પરિવારમાં પ્રગટ્યા એ મહાપુરુષ. સામાન્ય વાતાવરણમાં અવતરેલા એ અસામાન્ય બાળભક્ત શાંતિલાલની આંખોમાં ભક્તિની, અધ્યાત્મની કંઈક અનેરી ચમક હતી. ગામના પાદરે આવેલા હનુમાનમઢીના મંદિરે બિરાજતા સાધુ હરિદાસે આ બાળકના હીરને પારખી લીધું હતું. ચોત્રીસ-ચોત્રીસ વર્ષ પછી પણ હરિદાસ એ તેજસ્વી બાળકને વીસરી શક્યા ન હતા. હનુમાનમઢીએ રામાયણ, મહાભારત, ભાગવત, સંતચરિત્ર અને હિમાલયની વાતો થતી. અને બાળભક્ત શાંતિલાલનુ મન બદરીકેદારની ગિરિકંદરાઓમાં સંન્યાસ-ક્ષેત્રોમાં અલખની આરાધના કરવા માટે પહોંચી જતું.

આખરે એક દિવસ એવો આવ્યો. સત્તર વર્ષની ઉંમરે ગામને પાદર ક્રિકેટનાં સાધનોની ખરીદી માટે નીકળતા શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળીઃ સાધુ થવા આવી જાઓ !

અને એ જ ક્ષણે ગૃહત્યાગ ! કશી જ ચહલપહલ નહીં, વિદાય આપનારા સ્વજનોની ભીડ નહીં ! કશી ધમાલ નહીં ! માતા-પિતાએ પણ હસતે મોંએ પોતાના હૈયાના ટુકડા જેવા લાડકવાયાને શાસ્ત્રીજી મહારાજનાં ચરણે ધરી દીધો ! સમર્પણનું લોહી આ ખાનદાનમાં સહજતાથી વહેતું હતું.

તા. ૨૨-૧૧-૧૯૩૯ના રોજ અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોર વયના ભક્તરાજ શાંતિલાલને પાર્ષદની પ્રાથમિક દીક્ષા આપી. તા. ૧૦-૧-૧૯૪૦ના રોજ ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી અને તેમાંથી સૌને મળ્યા : નારાયણસ્વરૂપદાસ સ્વામી.

તપ, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા, સાધુતા, શુદ્ધ પંચવર્તમાન અને અનન્ય ગુરુભક્તિનો પ્રભાવ નારાયણસ્વરૂપદાસજીના ભાલપ્રદેશમાં ઝળહળવા લાગ્યો. માત્ર દસ જ વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રત્ન બની ગયા. સન ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે દીર્ઘદષ્ટિથી સ્થાપેલી વિકસતી ધર્મસંસ્થા

– બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓને નિયુક્ત કર્યા ત્યારે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે આ નાના સરખા સાધુ પોતાના તપોબળે જગતભરની આધ્યાત્મિક પ્રતિભાઓમાં પણ પ્રમુખ ઠરશે.

સહજ ધીરગંભીર પ્રકૃતિ ધરાવતા પ્રમુખસ્વામી મહારાજ માટે જૈનાચાર્ય મુનિ સુશીલકુમારજીના આ ઉદ્‌ગારો અહીં યાદ આવે છે: ‘બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતોએ અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને દોરે; કૌટુંબિક, આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય સ્તરે પુષ્ટિ આપે. ભગવાનની કૃપાથી એવા પુરુષ મળ્યા છે. એમનું નામ છે ‘પ્રમુખસ્વામી’. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીના નેતૃત્વ હેઠળ એક બની શકશે. પ્રમુખસ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી હિન્દુ ધર્મના પ્રમુખ છે. હિન્દુ ધર્મના નહિ ભારતીય સમાજના પ્રમુખ છે.’

એક નાનકડા બિંદુમાંથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને હિન્દુત્વના વિશ્વવ્યાપી આંદોલન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની સમીક્ષા શબ્દોમાં કરવાનું અશક્ય છે.

સાત દાયકા કરતાંય વધુ વર્ષોના એમના નિષ્કલંક સંન્યસ્ત જીવનની યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે મનમાં સવાલ થાય છે કે તેઓના દિવ્ય વ્યક્તિત્વનાં અસંખ્ય પરિમાણોમાં સૌથી વધુ પ્રભાવક પરિમાણ કયું?

હિન્દુ સમાજના પુનરુત્થાનના જ્યોતિર્ધર?

ભગવાન સ્વામિનારાયણ અને વૈદિકી સંસ્કૃતિના સર્વજીવહિતાવહ સંદેશનો જગતના ૫૬ કરતાંય વધુ દેશોમાં સર્વાધિક ફેલાવો કરનાર ધર્મગુરુ?

યુગો સુધી સંસ્કૃતિની ભાગીરથીને વહાવનારાં ૧,૧૦૦ ભવ્ય મંદિરો, રાજધાની દિલ્હી અને ગાંધીનગરમાં ભવ્ય સંસ્કૃતિધામ ‘અક્ષરધામ’, લંડનનું વિશ્વવિખ્યાત અજાયબી સમું સ્વામિનારાયણ મંદિર કે દેશ-વિદેશનાં એવાં સેંકડો સંસ્કાર-ભવનોના નિર્માતા?

વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વહીવટકર્તા?

લાખો નવયુવાનોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિનો રચનાત્મક વિનિયોગ કરનાર વિરલ યુગસર્જક?

દેશ-વિદેશના ૧,૦૦૦થીય વધુ સુશિક્ષિત નવયુવાનોને ત્યાગાશ્રમના

પંથે વાળી, તેમને આજીવન સમાજ-ઉદ્ધારમાં જોડનાર, સમર્પણનો અજોડ કરિશ્મા બતાવનાર વિક્રમસર્જક મહાપુરુષ ?

શ્રેષ્ઠતમ વિદ્યાર્થીસંકુલો, શાળાઓ, મહાવિદ્યાલયોના પ્રેરક અને પ્રયોજક ?

સાહિત્ય, સંગીત, કલાના પુરસ્કર્તા ?

દિવસ-રાત સેવાશીલ હાઈટેક આરોગ્યધામોના સર્જક ?

સંસ્કૃતિના પ્રસારમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો સફળતમ પ્રયોગ કરનાર વિરલ યોજક ?

ગુજરાત, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા કે મહારાષ્ટ્ર પર ઊતરી પડેલી કુદરતી આફતો વેળાએ મદદ માટે સર્વપ્રથમ દોડી જનાર કરુણામૂર્તિ સંતપુરુષ ?

લોકહિત માટે સ્વાસ્થ્યની પરવા કર્યા સિવાય, દિવસ-રાત જોયા સિવાય સત્તર હજારથીયે વધુ ગામડાંઓમાં સતત વિચરણ કરનાર અનન્ય પરિવ્રાજક ?

સાત લાખ કરતાંય વધુ પત્રો દ્વારા કે અઢી લાખ કરતાંય વધુ ઘરોની મુલાકાતો દ્વારા કે લાખો લોકોને વ્યક્તિગત મળી મળીને તેમના જીવનની ગૂંચો ઉકેલનારા અદ્વિતીય સ્વજન ?

પશ્ચિમ જગતમાં સર્વોત્તમ શિખરે ભારતીય સંસ્કૃતિના વિજયધ્વજને લહેરાવનાર આ યુગના સંસ્કૃતિપુરુષ ?

આદિવાસીઓ અને દુખિયારાંના બેલી ?

કે પરાભક્તિમાં તલ્લીન થઈને ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાઓમાં અક્ષુણ્ણ રહીને આજીવન નિષ્કલંક જીવન જીવનાર આદર્શ ભક્ત ?

કે સંતોમાં મૂર્ધન્ય પ્રતિભાવંત સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ સંત ?

એમની સેવાઓના અને વ્યક્તિત્વના અનેક આયામોને લક્ષમાં લઈને ઉપરના વિકલ્પોમાં બીજાં કેટલાંય પાસાંઓ ઉમેરી શકાય તેમ છે.

એ ઘણું બધું છે પણ સૌથી વધુ આકર્ષક છે – સૌના સ્વજન સમું પરાભક્તિથી છલકતું એમનું અહંશૂન્ય ભક્તહૃદયી વ્યક્તિત્વ.

નમ્ર અને સરળ. સહજ અને પારદર્શક.

ક્યાંય દંભ નહીં. માન મોટપની કોઈ આશા-અપેક્ષા નહીં.

મોટાઈનો કોઈ દોર-દમામ નહીં. શબ્દોની કોઈ ઝડઝમક નહીં.

મોં પર આધ્યાત્મિકતાનું ભારેખમપણું નહીં.

ઉપકાર કર્યાનો લગારેક પણ અણસાર નહીં.

માલિકીનો કોઈ દાવો નહીં. કોઈ હક્ક નહીં.

બસ !

'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાનાં સુખમાં જ આપણું સુખ છે' – આ જીવનસૂત્ર સાથે શ્વાસે શ્વાસે પરહિતની જ રટના.

એમની પાસે આવનાર પ્રત્યેકને અનુભવ થાય કોઈ નિરાળી આત્મીયતાનો. અને એટલે જ આદિવાસીઓનાં ઝૂંપડાંઓથી લઈને અમેરિકાવાસીઓની મહેલાતો સુધી કંઈ કેટલાયના હૈયે સ્પર્શી ગયું આ પારલૌકિક વ્યક્તિત્વ.

વિશ્વવિખ્યાત મલ્ટીમિડિયા દિગ્દર્શક, શૉમેન પ્રૉ. યારોસ્લેવ ફ્રિચ સ્વામીશ્રીના સ્મરણમાત્રથી ગળગળા થઈને સ્વાનુભવ વર્ણવતાં બોલી ઊઠ્યા હતા: 'પ્રમુખસ્વામી વિરાટ અનંતતાનો મહાન અંશ છે. તેઓ સાચા અર્થમાં ગુરુ છે, મને અનુભવ છે કે તેમના દ્વારા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે.'

ન્યૂયોર્કમાં માઈકલ ડુન્ઝ નામના એક ચુસ્ત ખ્રિસ્તી અમેરિકન નાગરિકને સ્વામીશ્રીમાં પોપથી પણ વધુ મહાનતાનો અનુભવ થયો; વિશ્વપ્રસિદ્ધ પત્રકાર અને બે બે વખત પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા બનેલા શ્રી રોનાલ્ડ પટેલ સ્વામીશ્રીમાં પોતાના વાત્સલ્યમૂર્તિ માતા-પિતાનો અનુભવ થયો હતો. હૉલેન્ડના ડચ નાગરિક હનકોપે સ્વામીશ્રીમાં વિરલ ગુરુદેવનાં દર્શન કર્યાં; કેન્યાના પ્રૉ. વોશીંગ્ટન ઓકુમુને તેમનાં દર્શનમાત્રથી અંતરમાં અદ્‌ભુત શાંતિનો અનુભવ થયો. દક્ષિણ આફ્રિકા યુનિવર્સિટીના 'રિલિજિયન' વિભાગના વડા પ્રૉ. બ્રાયન હચિન્સને તો જગતના વિરલ ગુરુ તરીકે સ્વામીશ્રી પર સંશોધનાત્મક મહાનિબંધ તૈયાર કર્યો !

ભારતનો સાધુસમાજ તો આ સંતવિભૂતિને પોતાના મસ્તક સમાન ગણીને ધન્યતા અનુભવતો હતો. આંધ્ર પ્રદેશના ધર્માત્મા શ્રી ચિન્ના જિઅર સ્વામીને પ્રમુખસ્વામી મહારાજમાં 'આધ્યાત્મિક શિલ્પી'નાં દર્શન થયાં છે. દિવ્યજીવન સંઘના અધ્યક્ષ ચિદાનંદ સ્વામીજીને 'આધુનિક યુગના મર્યાદાપુરુષ'નાં દર્શન અનુભવાયાં છે. ભારત સાધુસમાજના મહામંત્રી સ્વામી શ્રી હરિનારાયણાનંદજીએ તેમને 'સાધુ સમાજના મુકુટમણિ સમાન આધ્યાત્મિક મહાપુરુષ' કહ્યા.

રામકૃષ્ણ મિશન, રાયપુરના વિદ્વાન્ અધ્યક્ષ સ્વામી આત્માનંદજીએ સ્વામીશ્રીની શાંત છતાં ડાઈનેમિક પ્રતિભાથી પ્રભાવિત થતાં કહ્યું હતું:

'સ્વામીશ્રી કેટલા દિવ્ય પુરુષ છે! એટલા વિનમ્ર કે આજે આવા મહાપુરુષ મળવા દુર્લભ છે. તેઓ એક એવા પુરુષ છે જે મને સૌથી વધુ સ્પર્શે છે. તેઓ આધ્યાત્મિક રીતે ઘણા ઊંચા છે અને એટલા મૌન છે, છતાં એમની આસપાસના હજારોને ક્રિયાન્વિત (active) કરે છે.'

બૌદ્ધ ધર્મગુરુ શ્રી દલાઈ લામા, ઈઝરાયેલના યહુદી ધર્મવડા શ્રી લાઉ અને શ્રી બાકશીડોરન, દાઉદી ઈસ્લામ ધર્મગુરુ ડૉ. સૈયદના, શીખ ધર્મગુરુ શ્રી જગજિતસિંઘજી, પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી ધર્મના વડા આર્કબિશપ ઑફ કેન્ટરબરી, કેથોલિક ખ્રિસ્તી ધર્મગુરુ પોપ જ્હોન પોલ બીજા વગેરે અનેક વિશ્વધર્મના નેતાઓએ સ્વામીશ્રીમાં એક અદ્વિતીય આધ્યાત્મિક પ્રતિભા નિહાળી છે. ભારતના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈ અને રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામથી લઈને ઈંગ્લેન્ડના રાજવી પ્રિન્સ ચાર્લ્સ અને વડાપ્રધાન ટોની બ્લેર કે બાહરીનના મુસ્લિમ રાજવી શેખ શ્રી ઈસા બિન સલમાન અલ ખલિફા અને વિશ્વના એવા અન્ય કેટલાય દેશોના ધુરંધરોને સ્વામીશ્રીમાં એક વિભૂતિપુરુષની પ્રતીતિ થઈ છે.

વિખ્યાત ધારાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી નાની પાલખીવાળાએ તો ત્યાં સુધી લખ્યું છે કે 'અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ જે સિદ્ધિઓ હાંસલ કરી છે, તેને કલમમાં ઉતારવાનું કામ મુશ્કેલ છે. પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ સમર્પિત સંતોનું વૃંદ અહિંસા, ભ્રાતૃભાવ અને આધ્યાત્મિક જાગૃતિના પ્રસારણમાં જે હૃદયપૂર્વકની લગનીથી જોડાયા છે, તે ભારતીય સંસ્કૃતિની એક મહોર છાપ (Hallmark) બનશે.'

પ્રખર વિજ્ઞાની અને રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દિલ્હીના અક્ષરધામને નિહાળતાં સ્વામીશ્રી પાસે બોલી ઊઠ્યા હતા: ''હું જ્યારથી અક્ષરધામમાં આવ્યો, પ્રવેશ કર્યો ત્યારથી મને એક પ્રશ્ન સતત રહ્યા કરતો હતો કે આટલા લાખો લોકો દ્વારા પાંચ વર્ષમાં આવું ભવ્ય અને દિવ્ય કામ કેવી રીતે બને! મારા મનમાં આ પ્રશ્ન ચાલતો જ હતો અને મને અંતરમાં એનો જવાબ મળ્યો કે સ્વામિનારાયણ ભગવાને આપના આત્મામાં પ્રવેશ કર્યો છે. અને સંપૂર્ણ પ્રવેશ કર્યો છે અને એમાંથી જ આખું અક્ષરધામ ખીલી ઊઠ્યું, સાહજિક રીતે. મારે આપની સાથે કામ કરવું છે. જેથી સમૃદ્ધ, સુરક્ષિત, આધ્યાત્મિક ભારત તૈયાર થાય. આપ સંપૂર્ણ આધ્યાત્મિકતાના પુંજ છો. આપનામાં આધ્યાત્મિકતા

અવતરેલી છે. આપની પાસે એટલી દિવ્ય શક્તિ છે કે આ કામ જોઈને મને એમ લાગે છે કે આ દુનિયામાં બધું જ શક્ય છે.'

બ્રિટીશ પાર્લામેન્ટ કે કેનેડા પાર્લામેન્ટમાં થયેલા તેમનાં શાનદાર સન્માન સમારંભો, અમેરિકામાં અનેક શહેરોએ તેમને 'કી ટુ ધ સીટી'નાં અર્પેલાં સન્માનો, અમેરિકાનાં કેટલાંય રાજ્યોમાં માનદ નાગરિકત્વ તથા 'પ્રમુખસ્વામી દિન' જાહેર કરીને તેમને અપાયેલ વિશિષ્ટ બહુમાનો વગેરેની સુદીર્ઘ યાદી એમની વૈશ્વિક પ્રતિભાનું દર્શન કરાવે છે.

સ્વામીશ્રીની આ પ્રતિભા એક જ રાતમાં નથી પ્રસરી. સાત દાયકા કરતાંય વધુ વર્ષોના તેમના સાધુ-જીવનમાં સતત પ્રકાશતાં રહેલાં તપ, ત્યાગ, સમર્પણ, પરાભક્તિનો એ પ્રભાવ રહ્યો છે.

જ્યારે ભગવાન સ્વામિનારાયણે ધર્મધુરા ધારણ કરી ત્યારે એમણે વરદાન માંગતાં પ્રાર્થના કરી હતી કે 'ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તેને તે થાઓ નહિ; અને તેને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તે અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

શ્રીહરિના અખંડ ધારક પ્રમુખસ્વામી મહારાજે આ પ્રાર્થનાને ક્ષણે ક્ષણે જીવી બતાવી છે. લોકહિત માટે પોતાના શરીરની કુરબાની કરી છે. એમણે પોતાનાં કષ્ટની કદી ચિંતા કરી નથી. હરિભક્તોને રાજી રાખવામાં, એમનાં સુખદુઃખમાં ભાગ લેવા માટે સ્વામીશ્રીએ જે શ્રમ વેઠ્યો છે એનો હિસાબ નથી.

સતત વિચરણ એમની આગવી વિશેષતા છે. પ્રમુખસ્વામીનું સરનામું કયું? આ સવાલનો કોઈ કાયમી જવાબ નથી. આંખે મોતિયો, પિત્તાશય અને ગાંઠનું ઓપરેશન, પગે વા અને હાર્ટએટેક કે હૃદયની બાયપાસ સર્જરી... આવાં આવાં દર્દોને ગણકાર્યાં વગર સ્વામીશ્રી આદિવાસીઓનાં ઝૂંપડાંઓ સુધી સત્તર હજાર કરતાંય વધુ ગામડાંઓમાં વીજળીની ત્વરાથી ઘૂમી વળ્યા છે.

૧૯૮૫માં શરીરમાં તાવ હતો એવી પરિસ્થિતિમાં કાનમમાં એમણે ૨૦ દિવસમાં ૯૫ ગામોમાં વિચરણ કર્યું. રોજની ઊભા ઊભા ૩૦ થી ૪૦ પધરામણીઓ થઈ જતી. વાસદમાં એક નિર્જળા એકાદશીના ઉપવાસમાં, ૧૦૨° ડિગ્રી તાવમાં પણ સવારથી બપોરના સાડા ત્રણ વાગ્યા સુધી અણથક રહીને ૧૨૧ પધરામણીઓ કરી હતી!

મહીકાંઠાનાં કોતરોમાં બદલપુર વિસ્તારમાં બબ્બે કિલોમીટર ચાલીને છાપરે છાપરે સવારથી તે સાંજ સુધી ફરતા. બામણગામના ટેકરાઓ ઉપર વસેલાં છાપરાંઓની પધરામણીઓમાં તો જુવાનીયાઓય હાંફી જાય. સ્વામીશ્રી ત્યાં પણ ટેકરે ટેકરે જઈ એ લોકોને રાજી કરે. તળાવનાં ડહોળાં પાણી પીને ધોમધખતા તાપમાં ભાલ પ્રદેશની ઝીણી ધૂળમાં મહિનો મહિનો તેમણે વર્ષો સુધી વિચરણ કર્યું છે.

ભારે પ્રતિકૂળ સંજોગો હોય, કુદરતી આફતનો કોપ હોય કે સમયની તીવ્ર ખેંચ હોય તેવા પ્રસંગોએ પણ સ્વામીશ્રી ઘરોઘર ઘૂમ્યા છે. ક્યારેક કોઈનું ભાંગતું મન સાચવવા પીરસાયેલો થાળ પાછો ઠેલીને ભર બપોરે અઢી વાગ્યા પછી પણ સ્વામીશ્રી ફરીથી પધરામણીએ ગયા છે.

અહોરાત્ર વિચરણની સાથે સાથે, એમણે ઉપાડેલી માનવ-ઉત્કર્ષની અસંખ્ય પ્રવૃત્તિઓ તાજ્જુબ કરી દે તેવી છે. સ્વામીશ્રીની કરુણાની ભાવનાએ એના વ્યાપમાં દીનદુખિયાંની સેવા ઉપરાંત જીવમાત્રની સેવાને આવરી લીધી હતી. સમાજસેવાનું એકપણ ક્ષેત્ર તેમણે વણસ્પર્શ્યું રાખ્યું નથી. એટલું જ નહિ, બધાં જ ક્ષેત્રોમાં હેરત પમાડે એવી શક્તિથી સફળતાપૂર્વક કામ કર્યું છે. દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, ભૂકંપ જેવી કુદરતી આફતોમાં માનવ-સહાય માટે અનન્ય પુરુષાર્થ કર્યો છે. ગામમાં પડી જતા પક્ષોનાં વેરઝેર મિટાવવાં, ગામગામ વચ્ચેનાં ધીંગાણાં નાબૂદ કરાવવા વગેરેમાં એ સક્રિય રહ્યા. કોમી રમખાણો, વિવિધ આંદોલનોમાં શાંતિ માટેના પ્રયાસો એમણે કર્યા. એમણે કેળવણીના ક્ષેત્રમાં અદ્વિતીય યોગદાન આપ્યું છે. દહેજ જેવી કુરૂઢિઓ નાબૂદ કરવા સમાજને ફળદાયક સમજ આપી; અસ્પૃશ્યતા વગેરે સામાજિક કલંકો દૂર કરવામાં તેઓ સતત પુરુષાર્થશીલ રહ્યા; સાક્ષરતાથી લઈને જળસંચય અભિયાન સુધી કે વ્યસનમુક્તિ આંદોલનો સુધી વ્યાપેલી આવી તો કંઈ કેટલીય સામાજિક સેવાઓમાં તેમણે અદ્વિતીય પ્રદાન આપ્યું. અક્ષરધામ અને દેશ-વિદેશમાં રચેલાં ભવ્ય મંદિર જેવાં ગૌરવવંતાં સાંસ્કૃતિક સંકુલો તથા સેંકડો સંસ્કારધામોનાં સર્જનો, દેશ-વિદેશમાં હજારો યુવકમંડળો – બાળમંડળો – કિશોરમંડળો – મહિલામંડળો – યુવતીમંડળો – બાલિકામંડળો દ્વારા વિરાટ સંસ્કાર અભિયાનમાં તેઓ સૌથી વધુ સફળ રહ્યા. વિદેશમાં ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કરવામાં તેમની તુલના કોઈની સાથે થઈ શકે તેમ નથી.

તેમણે કરેલી આવી અનેકવિધ ક્ષેત્રની વિરાટ સેવાઓની યાદી મૂકવામાં આવે તો આ પુસ્તિકા તેનાથી જ ભરાઈ જાય !

પરંતુ આ જાહેર સેવા-પ્રકલ્પોની સાથે સાથે એમની આગવી બાબત એ છે કે તેમણે લોકોના વ્યક્તિગત પ્રશ્નો માટે પણ વિક્રમસર્જક કાર્ય કર્યું છે ! સંસારીઓના અંગત પ્રશ્નો – કુટુંબના ઝઘડા, ધંધામાં ભાગીદારીના, નોકરીના પ્રશ્નો, ધંધાની મૂંઝવણ, વિવાહના-લગ્નના પ્રશ્નો, ભણતરના પ્રશ્નો, સ્વાસ્થ્યના અને નવી પેઢીના પ્રશ્નો... એવા એવા લાખો લોકોના વ્યક્તિગત પ્રશ્નોમાં સ્વજનની પેઠે રસ લઈને એના ઉકેલ આણી આપ્યા છે. અને એ બધામાં શિરમોર રૂપ એમણે લાખો લાચાર વ્યક્તિઓને વ્યસનની ચૂડમાંથી મુક્ત કરાવી છે. આ પ્રશ્નોમાંથી લોકોને બહાર લાવીને તેમને આધ્યાત્મિક દિશાએ દોર્યા છે.

આમ, લોકોની વ્યક્તિગત સમસ્યાઓ ઉકેલવા માટે તેઓ રોજના સેંકડોને મળતા રહ્યા છે, એટલું જ નહિ, તેમના પર રોજ ઢગલાબંધ આવતા પત્રો દ્વારા પણ લાખો લોકોએ જીવનની વ્યથાઓ ઠાલવી છે. એક ગણત્રી મુજબ ૭,૦૦,૦૦૦ કરતાંય વધુ પત્રો દ્વારા સ્વામીશ્રીએ લોકોને દ્વિધામાંથી ઉકેલ આપ્યા છે, સલાહ, સૂચન અને માર્ગદર્શન આપ્યાં છે.

બી.એ.પી.એસ. સંસ્થાની વિશ્વવ્યાપી માનવકલ્યાણ પ્રવૃત્તિઓ વચ્ચે, ભારતનાં ગામડાંઓ કે વિશ્વના અનેક દેશોમાં વિચરણ કરતાં સ્વામીશ્રીની વિશેષતા એ છે કે ભગવાન સ્વામિનારાયણે આપેલા સિદ્ધાંતોમાં એમણે ક્યારેય સમાધાન નથી કર્યું. સિદ્ધાંતોના ભોગે એમણે પગલું પણ ભર્યું નથી. વિકાસની હરણફાળ ભરી છે, પરંતુ શાશ્વત મૂલ્યોમાંથી ચલિત થયા સિવાય. ભગવાન સ્વામિનારાયણે સંતોને આપેલાં પંચ વર્તમાનમાં અષ્ટાંગ બ્રહ્મચર્ય, માન-અપમાન પ્રત્યે દુર્લક્ષ, સ્વાદ તરફ સંપૂર્ણ ઉદાસીનતા, લોભનો - પોતાની માલિકીના ધન-દોલતનો સંપૂર્ણ ત્યાગ અને સગાવહાલાંઓ પ્રત્યે નિઃસ્નેહનો સમાવેશ થાય છે. પ્રમુખસ્વામી મહારાજ આ પંચવર્તમાનમાં આજીવન શુદ્ધ રહ્યા છે એનો અનુભવ લાખો સત્સંગીઓને છે.

એમના અષ્ટાંગ બ્રહ્મચર્યનું ઓજસ તો જુઓ : રેસીનમાં એક અમેરિકન પ્રેસ રિપોર્ટરે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'સંસાર છોડ્યો છે, પરંતુ તેમ છતાં આપને સ્ત્રીનો અનુભવ છે ?' સ્વામીશ્રીએ એ જ ક્ષણે સહજતાથી કહ્યું હતું :

'ત્રિકાળમાંય નહિ ! અમે અનુભવ જ નથી કર્યો એ બાબતનો !'

એમના નિર્લોભી વર્તમાનને સમજવું હોય તો એક જ વાક્યમાં સમજી શકાય: વિશ્વવ્યાપી વિરાટ સંસ્થાના સૂત્રધાર હોવા છતાં તેમની માલિકીમાં કાણો પૈસો પણ નહોતો !

જગતભરમાં હિન્દુ સંસ્કૃતિના ગૌરવશિખર સમા જગવિખ્યાત લંડન મંદિરના કે અભૂતપૂર્વ સાંસ્કૃતિક સંકુલ 'અક્ષરધામ'ના રચયિતા તરીકે એમણે ક્યારેય 'હું'ને ડોકાવા દીધો નથી. એમની અહંશૂન્યતા અને નિર્દોષતા, ભલભલાને સ્પર્શી જાય તેવી છે. એક પ્રસિદ્ધ સાક્ષર લખે છે: 'કંચન અને કામથી મુક્ત થયા પછી પણ અહંકારથી મુક્ત થવામાં ઘણા ધુરંધરો ચલિત થઈ જાય છે. પ્રમુખસ્વામી આ સૌથી મોટી માનવીય મર્યાદાને ઓળંગી ચૂક્યા છે. એ હકીકત એમની બ્રહ્મસ્વરૂપ થયાની સાહેદી પૂરે છે.'

દ્વેષમાં બળી રહેલા એક સાધુએ સ્વામીશ્રીને ઝેર આપવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ એ ઘટના અમલમાં આવે એ પહેલાં જ ફૂટી ગઈ. સ્વામીશ્રી પોતાની પ્રમુખ તરીકેની સત્તાના આધારે એ સાધુની હકાલપટ્ટી કરી શકત, પરંતુ એમણે એ સાધુને ક્ષમા આપીને ૪૦ વર્ષ સુધી તેમને સાચવ્યા. એટલું જ નહિ તેમના અવસાન સુધી એમની સેવા-દેખભાળ રાખી અને અન્ય સંતો પાસે પણ રખાવી.

ક્ષમાનું આના કરતાં વધુ ગરવું ઉદાહરણ બીજું ક્યું હોઈ શકે ?

ગંજાવર પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ હળવા ફૂલ રહે. તેમની એ સહજ સમાધિ જેવી સ્વતઃ પ્રસન્નતાનું મૂળ હતું – તેમની અનન્ય પરાભક્તિ. સ્વામીશ્રીને એક પત્રકારે લંડનમાં પૂછ્યું હતું: 'આટલી બધી પ્રવૃત્તિઓ કરવા છતાં આપ કાયમ ફ્રેશ કેવી રીતે રહો છો ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું: 'ગમે તેટલી પ્રવૃત્તિ છે, તો પણ માથે લેતા નથી. જે પરિણામ આવે છે, તે ભગવાનની ઈચ્છાથી આવે છે એટલે કોઈ જાતનો બોજો લાગતો નથી. ભગવાનની આજ્ઞામાં રહીને, મૂર્તિમાં રહીને કરીએ છીએ. 'હું કરું છું, મેં કર્યું' તેમ ભાવ લાવ્યા સિવાય ભગવાનને આગળ કરીને કરીએ તો બોજો લાગે નહીં. 'હું' કર્તા નથી, કર્તા ભગવાન છે. 'હું પણું' મૂકી ભગવાનમાં, ગુરુમાં ખોવાઈ જવાનું છે. તેમની મરજી પ્રમાણે આપણા ભાવ મૂકીને સર્વકર્તા ભગવાન છે તેમની ઈચ્છાથી થાય છે - તેમ ભાવ રાખીને કરીએ તો આનંદ

ચોવીસ કલાક રહે.'

વિશ્વની આઠમી અજાયબીસમા અક્ષરધામનું સર્જન જોઈને પ્રભાવિત થયેલા રાષ્ટ્રિય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજીએ સ્વામીશ્રીને પૂછ્યું હતું: 'યે સબ કિસને કિયા ?'

'ભગવાનને !' અનન્ય શ્રદ્ધાથી ધબકતો સ્વામીશ્રીનો આ સહજ અને શીઘ્ર પ્રત્યુત્તર તેમના હૈયાને વીંધી ગયો: 'જે કાંઈ છે તે ભગવાનનું છે અને ભગવાનને લઈને છે...'

એમની આ જીવનભાવના પળેપળે એમની પરાભક્તિમાં પડઘાતી. ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ - શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યે આત્મનિવેદી ભક્તિ કરતા સ્વામીશ્રીને નિહાળીને દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ સ્વામી ચિદાનંદ સરસ્વતીજીએ નોંધ્યું હતું: 'સ્વામીજીને તેમના ઈષ્ટદેવની સાથે જોવા એ દેવો માટે પણ દુર્લભ દૃશ્ય છે. તેમના ઈષ્ટદેવથી તેઓ કદી અળગા થતા નથી અને તમામ મહત્ત્વના પ્રસંગોએ મંચ પર કે વ્યાસપીઠ પર કે ક્યાંય પણ બિરાજતા હોય ત્યાં ઈષ્ટદેવ (ઠાકોરજીની મૂર્તિ) તેઓ અગ્રસ્થાને જ રાખતા હોય છે. સ્વામીજીના સાન્નિધ્યમાં હંમેશાં ઈષ્ટદેવને જ અગ્રક્રમ અપાતો હોય છે.' ભગવાનને અર્પણ કર્યા વિનાનું પાણીનું ટીપું કે પુષ્પની પાંદડી પણ તેમને સ્વીકાર્ય નહોતું, તો આટલી બધી વિરાટ સિદ્ધિઓનો યશ તો તેઓ કેવી રીતે સ્વીકારે ? બધું જ ભગવાનનાં ચરણોમાં અર્પણ કરે છે, એટલે જ તેઓ ફૂલ સમા હળવા રહેતા હતા.

એમની આ આધ્યાત્મિક સ્થિતિને માણતા સ્વામી ચિદાનંદજી આગળ લખ્યું હતું: 'પ્રમુખસ્વામી મહારાજ આપણા દેશનો અદ્વિતીય આધ્યાત્મિક મુકુટમણિ છે કે આધ્યાત્મિક મુગટને શોભાવતું એક અદ્વિતીય રત્ન છે.'

આ પુસ્તિકામાં તેમના દિવ્ય પ્રેરક જીવનના કેટલાંક હૃદયસ્પર્શી પ્રસંગો પ્રસ્તુત છે. એ વાંચતાં, દક્ષિણના અડમાર મઠના પ્રસિદ્ધ સંતવર્ય આચાર્ય વિબુધેશતીર્થજીએ લખેલા શબ્દો યાદ આવે છે કે 'કદાચ ભગવાન પોતાની પ્રિયમાં પ્રિય વ્યક્તિઓની યાદી બનાવવા બેસે તો તે યાદીમાં પ્રમુખસ્વામી મહારાજનું નામ ચોક્કસ સૌથી પ્રથમ મૂકે !'

■

જળઝીલણી એકાદશીનો ઉત્સવ પૂરો થયો.

દૂર દૂરથી આવેલા હરિભક્તો વિખરાયા.

થાકેલા સૌ સંતો-ભક્તો આરામમાં ગયા.

સ્વામીશ્રીની બાજુમાં સૂતેલા સેવક સંતને ઉપવાસને લીધે અચાનક ઊંઘ ઊડી ગઈ. પથારીમાં પડખાં ફેરવતાં ફેરવતાં એ સેવક સંતની નજર સ્વામીશ્રીની પથારી પર પડી. પથારી ખાલી દીઠી. 'ક્યાં ગયા હશે સ્વામીશ્રી ?' સેવક સંતના હૈયે જિજ્ઞાસા જાગી. સેવક સંત ઊભા થઈને તપાસ કરવા નીકળ્યા.

શોધતાં શોધતાં મંદિરના સાવ પાછલા ભાગે આવેલાં સંડાસ પાસે આવ્યા. અહીં કંઈક અવાજ આવી રહ્યો હતો. સેવક સંતે નજીક જઈને જોયું તો આશ્ચર્યચકિત થઈ ગયા.

'અરે સ્વામી ! આપ આ શું કરો છો ?'

આજે ઉત્સવમાં આવેલા હરિભક્તોએ વાપરેલાં સંડાસ સાફ કરી રહેલા પ્રમુખસ્વામી મહારાજે નાક પર આંગળી મૂકી કહ્યું: 'શી....શ! અવાજ ન કરશો. બીજા સૂતા છે, જાગી જશે !'

સેવક સંતે સ્વામીશ્રીને એ ગંદાં-ગંધાતાં સંડાસ સાફ કરતાં રોકવાનો ઘણો પ્રયાસ કર્યો. પરંતુ વ્યર્થ !

સ્વામીશ્રીના હાથમાંથી સાવરણો અને ડોલ લઈ લેવા માટે તેણે અતિ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'એકથી બે ભલા. તું પાણી લાવ અને હું સાવરણો ફેરવું. બસ !'

વિરાટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અધ્યક્ષ કછોટો મારીને ઉત્સાહથી સંડાસ સાફ કરતા રહ્યા. પાણીની ડોલ રેડીને તેમને મદદ કરતા સાથેના સેવક સંત મનમાં આશ્ચર્ય પામતાં પોતાની જાતને પૂછી રહ્યા હતા:

'સેવક કોણ છે?'

એક મહાન ધર્મગુરુએ પોતાના જીવનમાં આટલો બધો રસ લીધો તેનું એ વિદ્યાર્થીને ઘણું આશ્ચર્ય થયું. પલભરમાં તેની નજર સામે છિન્નભિન્ન થઈ રહેલા પોતાના જીવન પર ફરી વળી. ક્યાંથી ક્યાં તે ફંગોળાયો હતો! પોતાની તીવ્ર ઇચ્છા હતી એન્જિનિયર થવાની, પરંતુ પિતાના દુરાગ્રહી સ્વભાવને લીધે જવું પડ્યું આર્કિટેક્ચરના અભ્યાસમાં. કૌટુંબિક ઝઘડાઓએ ઘરને ઉઝાડી દીધું. આ યુવાનને ઘર છોડીને ક્યાંક હૉસ્ટેલમાં આશરો લેવો પડ્યો. માતા-પિતાના સ્નેહથી વંચિત આ નવયુવાન હવે એવા ત્રિભેટે આવીને ઊભો હતો કે તેને કઈ દિશામાં જવું તેની સૂઝ પડતી નહોતી.

'તારા ખર્ચની વ્યવસ્થા કેવી રીતે કરે છે?' સ્વામીશ્રીએ એ વિદ્યાર્થીને પૂછ્યું.

જમવાનું, રહેવાનું, ભણતરનું વગેરે બધું જ સ્વામીશ્રીએ તેને પૂછ્યું. એ યુવાનના બયાનમાં તેને કોરી ખાતી એકલતા વારે વારે છતી થતી હતી. સ્વામીશ્રીએ મમતાથી તેને કહ્યું: 'જો તારે કોઈપણ જાતની તકલીફ હોય તો મને કાગળ લખજે. હું અહીં કોઠારી સ્વામીને લખીશ. તારી બધી જ વ્યવસ્થા કરી આપીશ. તું બસ, ભણ અને સંગીતમાં આગળ આવ.'

આભારવશ એ યુવકે સ્વામીશ્રીને ખોળે માથું નાખ્યું. સ્વામીશ્રીની પ્રેમવર્ષામાં એ તરબોળ બની ગયો. કેવી અપાર આત્મીયતા! કેવી નિઃસ્વાર્થ પ્રીતિ! કેવો પ્રેમાળ સ્પર્શ! યુવાન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો: 'મારાં માબાપે પણ મને આવો પ્રેમ નથી આપ્યો...'

તેણે ઘણી વખત ગાયેલી પંક્તિ આજે તેના પોતાના જ પંડ માટે તે નજરે નિહાળી રહ્યો હતો:

*'હેત તો કરે છે કેવું*
*અનંત જનની જેવું...'*

ડેવિડે આંખ ચોળીને જોયું તો પોતે પથારીમાં જ સૂતો હતો.

સ્વપ્ન પૂરું થઈ ગયું હતું. છતાં તેના મનમાં શંકા હતી કે એ સ્વપ્ન હતું કે વાસ્તવિકતા હતી?

સ્વપ્નના આધારે તા. ૧૫-૫-'૯૪ના રોજ એણે પોતાના બે મિત્રો ડેનિયલ અને રિચાર્ડ સાથે મળીને સ્વામીશ્રીને ખોળી કાઢ્યા.

સ્વપ્નમાં થયેલી સ્વામીશ્રીની દિવ્ય અનુભૂતિથી ખેંચાઈને આવેલા ઇંગ્લૅન્ડના સસેક્સ શહેરના આ ત્રણે યુવાનો કોઈપણ ભોગે એમને પ્રત્યક્ષ મળવા ઝંખતા હતા. લંડનના નિસડન વિસ્તારમાં મંદિરની એક નાની ઓરડીમાં આ ત્રણે યુવાનો સ્વામીશ્રીની સમક્ષ કુતૂહલવૃત્તિથી જોઈ રહ્યા હતા. હિંદુ આધ્યાત્મિકતાથી આકર્ષાઈને તેણે અને તેના આ બંને મિત્રોએ ભારતમાં આવીને કેટલાક સાધુ-મહાત્માઓનો સમાગમ પણ કર્યો હતો. પરંતુ આધ્યાત્મિક ભૂખ હજુ સંતોષાઈ ન હતી. આજે જાણે અણધાર્યું પરિણામ તેમની નજર સામે મળી રહ્યું હતું.

ડેવિડે પોતાના સ્વપ્નની વાત માંડતાં કહ્યું: 'ચાર દિવસ પહેલાં મને સ્વપ્નમાં આપનાં દર્શન થયેલાં. આપે મને સ્વપ્નમાં નિર્વિકલ્પ સમાધિ વિશેની સમજણ આપી હતી અને તેનો અનુભવ પણ કરાવ્યો!' એ દિવ્ય અનુભવના સ્મરણથી ડેવિડ અત્યારે પણ રોમાંચિત થઈ ગયો હતો. તેણે આગળ કહ્યું:

'મારે આપને એ પૂછવું છે કે શું આપને ચોવીસ કલાક નિર્વિકલ્પ સમાધિનો અનુભવ રહે છે?'

'હરીએ, ફરીએ, બધું કરીએ, પણ ભગવાનને સાથે રાખીને કરીએ, એટલે સમાધિનો અનુભવ કાયમ રહે.' સ્વામીશ્રીએ ખૂબ સહજતાથી કહ્યું.

ડેવિડ સ્વામીશ્રીના એ સહજ દિવ્ય વ્યક્તિત્વને આશ્ચર્યચકિત થઈને નિહાળી રહ્યો. યોગીઓને અગમ્ય અને હજારો વર્ષો સુધી સાધના કરનારને પણ દુર્લભ એવી આ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ કેવા સહજ સ્વરૂપે તેની આંખો સામે રમતી હતી!

ડેવિડને લાગ્યું કે આધ્યાત્મિકતાનું આ જ ઊંચામાં ઊંચું શિખર છે.

અમેરિકાના ઑરલેન્ડો શહેરના એક ભાવિક શ્રી કોગ્સવેલ ૧૯૯૪માં સ્વામીશ્રીને મળતાં જ આભા બની ગયા. આ દિવ્ય પ્રતિભાની વ્યાખ્યા શી કરવી? તેમણે સીધું સ્વામીશ્રીને જ પૂછી નાખ્યું:

'આપ ઈશ્વર છો કે માણસ?'

'અમે તો સેવક છીએ.' સ્વામીશ્રી ક્ષણનાય વિલંબ વગર ધાણી ફૂટે તેમ બોલી ઊઠ્યા. અને સ્વામીશ્રીની પરમાત્મા પ્રત્યેની દાસત્વભક્તિ પર એ અજનબી ઓવારી ગયો.

વડોદરા મંદિરમાં ઠાકોરજી સમક્ષ ભગવદ્ચરણદાસ સ્વામી સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂક્યા કે તરત જ દર્શનમાં લીન બનેલા સ્વામીશ્રીને જાણે વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ તેઓ ચોંક્યા. સ્વામીશ્રી ભગવત્ચરણદાસ સ્વામીને પગે લાગતાં રોકવા લાગ્યા અને ટકોર કરતાં કહ્યું: 'ઠાકોરજી આગળ મને નીચા નમીને પગે લાગવું નહીં. ઠાકોરજીની મર્યાદા જળવાવી જોઈએ...'

અને છેલ્લે વાત પર જોર આપતાં કહ્યું: 'રાજા આગળ નોકરને પગે લાગીએ તો કેવું લાગે?'

તેમની આંખોમાં સેવકભાવનો એક તેજલિસોટો પસાર થઈ ગયો.

એમનો એ સેવકભાવ કેન્યાના રાષ્ટ્રપિતા જોમો કેન્યાટાથી લઈને અનેક લોકોએ અનુભવ્યો છે. સ્વામીશ્રીની સાથે રહેલી ભગવાનની મૂર્તિ - હરિકૃષ્ણ મહારાજને જોઈને તેમણે પૂછ્યું: 'આ શું છે?'

સ્વામીશ્રીએ કહ્યું: 'સાક્ષાત્ ભગવાનની મૂર્તિ!'

'ઓહ! ખ્રિસ્તીઓ ક્રોસ પહેરે છે તેવું પ્રતીક જ ને!'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા: 'ના, ક્રોસ તો પ્રતીક છે. જ્યારે આ મૂર્તિમાં તો ભગવાન સાક્ષાત્ અખંડ રહ્યા છે. આ મૂર્તિ જુએ છે, કાર્ય કરે છે. અને આપણાં તમામ કર્મોની સાક્ષી છે. તેથી એ મૂર્તિ કેવળ મૂર્તિ નથી પણ ભગવાન પોતે જ છે...'

શ્રદ્ધાનો એ અનન્ય રણકાર સાંભળીને અવાચક બનેલા શ્રી કેન્યાટા નક્કી કરી શક્યા નહિ કે સ્વામીશ્રી કઈ આધ્યાત્મિક ઊંચાઈ બિરાજે છે!

એ ચાર-પાંચ યુવાનો એકબીજા સામું આશ્ચર્યથી જોવા લાગ્યા.

કોને બોલાવે છે !? દરેકને મનમાં સવાલ થયો.

ત્યાં ફરીથી એ મધુર અવાજ સંભળાયો : 'તમે બધા જ આવો.'

કંઈક શરમ અને કંઈક સંકોચ સાથે એ યુવાનો બોલી ઊઠ્યા : 'પણ બાપજી ! અમે તો હરિજન છીએ !'

સ્વામીશ્રીએ કરુણાભીના સ્વરે કહ્યું : 'તો અમે પણ હરિના જન છીએ... નજીક આવો ને !'

દોડતાં એ યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેમનાં મસ્તક ઉપર પ્રેમાળ અભય હસ્ત ફેરવ્યો. દરેકના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો.

'ભાઈ ! હરિના જન તો સૌને થવાનું છે. કાંઈ વ્યસન છે ? જીવન શુદ્ધ કરજો. વ્યસન હોય તો છોડજો. વ્યસન વગરનું પવિત્ર જીવન કરજો. લ્યો, આશીર્વાદ છે...'

જીવન પરિવર્તનની આ અનાયાસ દીક્ષાએ તેમને કૃતાર્થ કરી દીધા. સારંગપુર ગામના એ હરિજનોને માટે આ દિવ્ય અનુભવ હતો – કોઈ સંતનો નહિ, પણ સંતમાં રહેલા સાક્ષાત્ ભગવંતનો...

અને એ નંખાઈ ગયેલા ચહેરાઓ ઉપર તેજ ઝળકી ઊઠ્યું, લઘુતાગ્રંથિ ઓગળી ગઈ, આનંદની લહેર ઊઠી, હૈયે પેલો સ્વર ઘુંટાવા લાગ્યો :

'આપણેય હરિના જન છીએ, ગૌરવવંતા છીએ, મૂઠી ઊંચેરા છીએ...'

> 'સુખ અને શાંતિ માટે આપણે મનસ્વી રીતે, કલ્પનાથી નક્કી કરેલા રસ્તાઓ આપણને સુખ કરતા નથી. પણ ભગવાને જે મારગ આપેલો છે, મહાન સંતો અને ઋષિઓએ જે મારગ આપેલો છે, તે આપણા માટે ઉત્તમ છે. તે મારગે ચાલવાથી જ સુખ-શાંતિ થાય છે !
>
> **– પ્રમુખસ્વામી મહારાજ**

પોતાના એક હિંદુ મિત્ર સાથે શ્રી કાર્લોસ વેગા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. લૉસ એન્જલસના એક ધનાઢ્ય તરીકે શ્રી કાર્લોસ વેગાના અંતરમાં કંઈક ગર્વ હતો. એક હિંદુ ધર્મગુરુનાં દર્શને આવવાનો તેમનો આ કદાચ પ્રથમ જ અનુભવ હતો.

સીધું-સાદું પરંતુ સહજ-અહંશૂન્ય વ્યક્તિત્વ ધરાવતા સ્વામીશ્રીએ તેમને આવકાર્યા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં તેમણે થોડીક ક્ષણો પસાર કરી ત્યારે તેમને લાગ્યું કે સમય થંભી ગયો છે. અંતરમાં દિવ્યતા છવાઈ ગઈ. શીતળતાનો અનન્ય અનુભવ થયો.

સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક ઝુકાવતાં તેઓ બોલી ઊઠ્યા: ‘સ્વામીજી! આપની પાસે આવવાથી આજે મને જિંદગીમાં સર્વપ્રથમ વખત શાંતિનો અને શીતળતાનો અનુભવ થયો છે. મારી પાસે બંગલો છે, મોટર છે, પૈસા છે, કીર્તિ છે, બધું જ છે, ...આઇ હેવ એવરીથીંગ... પરંતુ શાંતિ...’

‘આઇ હેવ ગોડ!’ સહજ હસી પડતાં સ્વામીશ્રી એકદમ અલમસ્તાઈથી બોલી ઊઠ્યા. પછી કહે: ‘નો મની. આઇ હેવ ગોડ. પાસે ભગવાન રાખ્યા છે. તેમાં બધું જ આવી ગયું!’

પરમતત્ત્વના સાક્ષાત્કારની એ ચરમસીમા સમી અલમસ્તાઈને એક અલભ્ય અજાયબી તરીકે એ ધનાઢ્ય માણતો રહ્યો.

ભગવાનના અપરોક્ષાનુભવી સંતનાં ચરણોમાં મસ્તક ઝુકાવતાં તેને લાગ્યું કે પોતે હિમાલય આગળ તરણા સમો લાગી રહ્યો છે. (૧૯૮૮)

‘લક્ષ્મીજી ભગવાનનાં અર્ધાંગના - પત્ની છે. હવે કોઈકનાં ઘરવાળાંને આપણે તાળું મારીને રાખીએ તો એમને મૂંઝવણ થાય કે નહિ!! તેમ લક્ષ્મીજીને ઘરમાં પૂરી ન રખાય. લક્ષ્મી તો ભગવાનના કામમાં વાપરવી, તો સુખ થાય, ભગવાન રાજી થાય.’

‘જીવનમાં સંસ્કાર નહિ હોય તો સંપત્તિને ખાખ થતાં વાર નહિ લાગે.’

**– પ્રમુખસ્વામી મહારાજ**

'તાવ આવી ગયો ?' પ્રેમાળ સ્પર્શ કરતાં સ્વામીશ્રીએ પૂછ્યું.

દક્ષિણ ગુજરાતમાંથી સ્વામીશ્રી સાથે સૌરાષ્ટ્રના વિચરણમાં જોડાયેલો એ વિદ્યાર્થી અશક્તિથી કંપી રહ્યો હતો. ઊલટી અને તાવની તકલીફે એને લઈ નાંખ્યો હતો. તકલીફની કોને વાત કરવી એ દ્વિધા તકલીફને બમણી બનાવતી હતી. ત્યાં તો અચાનક જ હાથ પકડીને સ્વામીશ્રીએ સંભાળ લીધી. એ બોલી ઊઠ્યો : 'હા, બાપા !'

ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે પોતાના માટે બનાવેલા ઉકાળાની વાટકી એ યુવાનને ધરી દીધી : 'લો, પી જાઓ. જલદી સારું થઈ જાય.' યુવાન સંકોચાવા લાગ્યો, પરંતુ હેત-વર્ષા એવી હતી કે છટકી શકાયું નહિ. હાથમાં વાટકી લઈને યુવાન દૂર જવા લાગ્યો, પરંતુ ફરીથી આગ્રહ થયો : 'ત્યાં દૂર નહિ, અહીં નજીક, મારી પાસે બેસીને જ પી લો...'

સંકોચ સાથે યુવાને આજ્ઞા પાળી લીધી. ઉકાળો પી લીધો. તરત જ વત્સલ સલાહ મળી : 'હવે આરામ કરવાનો. બહાર ક્યાંય જવું નહિ.'

સવારે સાડા દસનો સમય થયો હતો. આ યુવાનનું માથું કળતરથી દુખતું હતું. અર્ધનિદ્રામાં એ પથારીમાં પડ્યો હતો. અચાનક જ તેના માથા પર શીતળ સ્પર્શ થયો. તે જાગી ગયો. જોયું તો સ્વામીશ્રી તેનું હળવે હળવે મધુર સ્મિત સાથે માથું દબાવી રહ્યા હતા. યુવાને સ્વામીશ્રીને રોકવાનો ઘણો પ્રયાસ કર્યો પરંતુ સ્વામીશ્રી જનનીની જેમ હેતલ સ્પર્શ કરતાં કહે : 'સૂઈ રહે, સેવા કરવા દે. કંઈ વાંધો નહિ.'

આંસુથી છલકાઈ ઉઠેલા યુવાન પાસે ઝાઝું બોલવાના શબ્દો નહોતા.

બીજે દિવસે સવારે એ યુવાન સ્નાન કરવા જતો હતો ત્યાં જ સ્વામીશ્રીનો અવાજ સંભળાયો : 'હમણાં ન્હાશો નહિ. બધે ઠંડું પાણી આવતું હશે. અહીં મારું ગરમ પાણી છે તેનાથી નાહી લેજો...'

આજે ૨૭ વર્ષ પછી પણ એ યુવાન આ નિઃસ્વાર્થ આત્મીયતાને યાદ કરે છે ત્યારે આંખો ભીની થઈ જાય છે અને હૈયું બોલી ઊઠે છે : *'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ.'*

કાર્યક્રમોની વ્યસ્તતા ખૂબ હતી. તેથી આત્મસ્વરૂપદાસ સ્વામીએ રિપોર્ટરને કહ્યું: 'હવે છેલ્લો પ્રશ્ન પૂછી લો. સ્વામીશ્રી આગળના કાર્યક્રમમાં વ્યસ્ત છે.'

૧૯૮૦ની વિદેશયાત્રા દરમ્યાન સાઉથ આફ્રિકામાં જહોનિસબર્ગમાં ડૉ. રમેશભાઈ રણછોડભાઈને ત્યાં અહીંના વ્યાપક ફેલાવો ધરાવતા વર્તમાનપત્ર Sunday Tribuneના એ અંગ્રેજ પત્રકારે અંગ્રેજીમાં છેલ્લો પ્રશ્ન પૂછી લીધો: 'Since you people keep away from the ladies, don't they feel neglected or discriminated against?' (તમે સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી?)

વીસેક મિનિટ ચાલેલા આ વાર્તાલાપમાં દુભાષિયા તરીકે સેવા આપતા આત્મસ્વરૂપદાસ સ્વામી આ પ્રશ્નનું ગુજરાતી રૂપાંતર કરે તે પહેલાં તો સ્વામીશ્રી તેમને સંબોધીને ત્વરાથી જવાબ આપવા લાગ્યા: 'એને કહો કે હિંદુસ્તાનમાં પોતે આવીને જુએ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણનું ભજન કરે છે પણ કોઈને એવો ભાવ થતો નથી...'

આત્મસ્વરૂપદાસ સ્વામી સ્વામીશ્રીની અંતર્યામી-શક્તિથી ચકિત થઈ ગયા, પરંતુ તેઓ વધુ ચકિત તો ત્યારે થયા કે તેઓ સ્વામીશ્રીના ગુજરાતી ઉત્તરનો અંગ્રેજીમાં અનુવાદ કરે તે પહેલાં પેલો ગોરો રિપોર્ટર અંગ્રેજીમાં ઉત્તર લખવા મંડી પડ્યો.

તેમણે કુતૂહલવશ થઈને તેને પૂછ્યું: 'તમે શું લખ્યું?'

બિલકુલ ગુજરાતી નહિ જાણતા એ અંગ્રેજ પત્રકારે સંભળાવ્યું કે 'Swamiji is telling me to come to India and see first-hand for myself that there are hundreds of thousands of women who worship Lord Swaminarayan and none of them feel discriminated against!'

આત્મસ્વરૂપદાસ સ્વામીને લાગ્યું કે વર્ષો પહેલાં સાંભળેલી વાત સાચી છે, સત્પુરુષને ભાષાનાં બંધનો હોતાં નથી. તેઓ ભાષાઓથી પર છે.

સાંજનો ૬-૫૦નો સમય. ૧૯૮૫ની ૨૦મી જુલાઈ.

કુતૂહલથી ઠાંસોઠાંસ ભરેલા વાતાવરણ વચ્ચે, લંડનના ક્વીન્સપાર્ક રેન્જર્સ સ્ટેડિયમમાં, સત્તર હજારની ચિક્કાર મેદનીએ એક સાથે જયનાદ બોલાવ્યો: ‘બોલો, પ્રમુખસ્વામી મહારાજની જય જય... જય... જય... જય... જયનાદના પડઘાઓ વાદળછાયા આકાશને વીંધીને પેલે પાર પહોંચી ગયા.

સુવર્ણ રંગી તુલામાં, ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજને પોતાના ખોળામાં પધરાવીને બેઠેલા પ્રમુખસ્વામી મહારાજની તુલા થઈ રહી હતી. આ એક અસામાન્ય ઘટના હતી. ગોરાઓની ધરતી પર, આવું શાહી-સુવર્ણ સન્માન, આ પૂર્વે કોઈ ભારતીયનું કે સંતનું થયું નથી. ઈતિહાસ કહે છે: એ વાતાવરણની ભવ્યતા, દિવ્યતા કંઈક ઓર હતી. પ્રમુખસ્વામીજીનું સન્માન એ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય જ નહીં, સમસ્ત હિંદુ સંસ્કૃતિનું સન્માન હતું. દરેકની છાતીની ધડકન કંઈક જુદા લયમાં તાલ આપતી હતી.

વાતાવરણમાં ભક્તિભીના ગૌરવનો ગુલાબી મિજાજ હતો. અને એ વખતે ભારોભાર ગવાતાં ગુણગાન અને ભક્તોની અનેક વંદનાઓ વચ્ચે બેઠેલા પ્રમુખસ્વામી મહારાજ સ્થિર હતા, ધીર હતા, ગંભીર હતા...

એ શાહી પળો પછીની જ ક્ષણોનું દશ્ય.

પ્રમુખસ્વામી મહારાજ સ્ટેડિયમમાંથી વિદાય લઈને મોટરમાં જઈ રહ્યા હતા. મોટરમાં બિરાજ્યા કે તરત જ સ્ટેડિયમમાં આવ્યા પહેલાનું અધૂરું રહેલું કાર્ય આદરી દીધું.

પોતાના પર આવેલા પત્રો વાંચવા માંડ્યા. એમાં લોકોનાં સુખ-દુ:ખની કહાણીઓ ને સમસ્યાઓ હતી. એના જવાબો આપવામાં પ્રમુખસ્વામી લીન થઈ ગયા, જાણે કોઈ સન્માન-સમારંભ યોજાયો જ નથી, કોઈ સુવર્ણતુલા થઈ જ નથી..., કોઈ ક્યૂ.પી.આર. સ્ટેડિયમમાં પોતે ગયા જ નથી... એટલી સહજતાથી પત્રલેખનમાં પરોવાઈ ગયા !!

એ શાહી પળો પછીના જ દિવસનું એક વધુ દશ્ય.

એક મુરબ્બી લંડનના અક્ષરપુરુષોત્તમ મંદિરે પ્રમુખસ્વામીજીને મળવા આવ્યા. ચહેરા પર ગરમી હતી. ગુસ્સો હતો. કંઈક ગેરસમજે એમને વિકૃત બનાવ્યા હતા, ઉગ્ર બનાવ્યા હતા. ન શોભે તેવા વાણી-પ્રહારોથી એમણે સ્વામીશ્રી સાથે વાર્તાલાપ શરૂ કર્યો. ફાવે તેમ ઘણું બધું બોલ્યા. વર્તન અસભ્ય અને તોછડું હતું.

સામે બેઠેલા એક બે સંતો અને યુવકો માટે આ બધું અસહ્ય હતું. પોતાના પ્રાણપ્યારા ગુરુહરિનું આવું અપમાન કઈ રીતે સહી શકાય?

પણ સ્વામીશ્રી બિલકુલ સ્વસ્થ હતા. એમના ચહેરા પર ન તો અકળામણ હતી, ન તો આક્રોશ હતો કે ન તો પ્રતિકાર કરવાનો ઉકળાટ હતો. ક્ષમાની મૂર્તિ બનીને શાંતિથી બેસી જ રહ્યા, અને બીજાનેય વાર્યા. એટલું જ નહિ, સેવકોને સૂચના આપતાં કહ્યું: 'એમને જમાડીને મોકલજો.

એક દિવસ શાહી સન્માન, બીજે દિવસે 'શાહી' અપમાન!

હા, તેઓ સન્માનને ભૂલી શકે છે, તેઓ અપમાનને ભૂલી શકે છે...

અને તેય એક પલભરમાં ભૂલી શકે છે...

કારણ કે તેઓ ક્ષમાસાગર છે.

જો કે ક્ષમા આપવી કદાચ સહેલી છે;

પરંતુ ક્ષમા આપ્યા પછી તે વીસરી જવું તે વધારે કપરી કસોટી છે.

સ્વામીશ્રી તેમાં સૌથી વધુ સફળ રહ્યા છે.

> 'ગેસના બાટલામાં સહેજ ગાફલાઈ રાખીએ તો નુકસાન થાય, ભડાકો થાય, માણસો મરે. એમ જીવનનું પણ એવું છે. ભગવાનના આદેશ મુજબ એને પૂરું કરીએ તો શ્રેય થાય અને જો વ્યસન, દૂષણ, પાપાચાર, વ્યભિચારમાં વાપરવાની ગાફલાઈ રાખીએ તો અધોગતિ અને નુકસાન!'
>
> 'અનીતિનું ખૂબ મળે તેના કરતાં નીતિનો સૂકો રોટલો મળે તો પણ તેમાં શાંતિ છે.
>
> **– પ્રમુખસ્વામી મહારાજ**

'સ્વામી ! મારે ગામ આપ પધારો ને !'

વિરમગામ પાસેના કાંકરાવાડી ગામનો ૧૫ વર્ષનો ભાવિક કિશોર ગણેશ સ્વામીશ્રીને પગ પકડીને વિનવી રહ્યો હતો. એના ગામમાં કોઈને સત્સંગ નહિ. અને વળી, સ્વામીશ્રીના તો મહિનાઓ સુધીના ચુસ્ત કાર્યક્રમો ગોઠવાઈ ગયા હતા. પરંતુ આ ગામડાગામના ભાવિક છોકરાનો ભાવ એવો હતો કે કાર્યક્રમમાં ફેરફાર કરીને પણ સ્વામીશ્રીએ એને આવવાનું વચન આપ્યું. જો કે એમાં સ્વામીશ્રીને ઘણો જ શ્રમ પડે તેમ હતો. પરંતુ એ કિશોરને એની ઝાઝી સમજ પડતી નહોતી.

અને એ દિવસ આવ્યો.

ઢળતી સંધ્યાએ એ ધુળિયા ગામમાં ઊડતી ધૂળના ગોટા વચ્ચે, ખાડાટેકરાવાળા રસ્તા પર ઊબડખાબડ થતાં સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો.

ગણેશનો હરખ આસમાનને આંબતો હતો.

સાવ નાનું એવું ગામ. ગામમાં માત્ર એક જ પાકું મકાન હતું. ગણેશના કાચી માટીના ઘરમાં સ્વામીશ્રી પધાર્યા. નહિ લાઇટની કોઈ સગવડ કે નહિ સંડાસ-બાથરૂમનીયે વ્યવસ્થા !

નાના ફળિયામાં પેટ્રોમેક્સના અજવાળે સ્વામીશ્રીએ સભા કરી. સખત ગરમીના દિવસો હતા. ઈલેક્ટ્રિસિટી જ નહોતી ત્યાં પંખા તો હોય જ ક્યાંથી ? રાત્રે સૂવા માટે બાજુના એક મકાનના ધાબે સૌની સાથે જ નીચે પાથરેલી પથારી પર સ્વામીશ્રી સૂતા. સવારે નિત્યક્રમથી પરવારી ગામમાં પધરામણી કરી, સભા કરી જમ્યા અને બપોરે માટીના ઓરડામાં આરામ માટે પધાર્યા. તાપ કહે મારું કામ ! હવા-ઉજાસ વિનાના એ ઓરડામાં સ્વામીશ્રી નિરાંતે પોઢ્યા.

ગણેશે એટલી વાત નોંધી કે પોતાના આ ગામમાં અગવડોની ભરમાર વચ્ચે પણ સ્વામીશ્રીના મુખ પર એ જ આનંદ છવાયો હતો ! આજે વર્ષો પછી ગણેશ સવાલ કરે છે : 'એ સ્વતઃ સ્ફૂરતો આનંદ જ બ્રહ્મનો આનંદ નહિ હોય ?' (૧૯૭૭)

ઇંગ્લૅન્ડના આસ્ટન શહેરમાં ૧૯૭૭માં સ્વામીશ્રીના સ્વાગતમાં ભવ્ય નગરયાત્રા યોજી હતી. હરિભક્તોએ ઉત્સાહપૂર્વક સ્વામીશ્રી માટે એક સુશોભિત બગી તૈયાર કરી હતી. પ્રેમી હરિભક્તો બગી પર જોડવા માટે ઇંગ્લૅન્ડના પહેલા નંબરના રેસના ઘોડા 'જેકબ'ને લઈ આવ્યા હતા. સેંકડો હરિભક્તો-આબાલવૃદ્ધો સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતા હતા.

શહેરના મેયર અને અંગ્રેજબંધુ શ્રી વિલ્કિન્સનને પણ સ્વામીબાપાનું અનન્ય આકર્ષણ. તેઓ પણ નગરયાત્રામાં ભાગ લેવા માટે આવ્યા.

નગરયાત્રાની પૂર્વતૈયારીઓ પર નજર કરતાં તેઓ ચમક્યા. વ્યવસ્થામાં અગ્રેસર શ્રી સી. ટી. પટેલનું ધ્યાન દોરતાં તેમણે કહ્યું: 'અરે ! આ તો રેસનો ઘોડો છે ! અત્યારે પણ જુઓ, એની આંખો ફરકે છે. નગરયાત્રા શરૂ થશે ને બૅન્ડ-વાજાં વાગશે ત્યારે શું થશે ? વિફરશે તો કેટલાંયને વાટી નાંખશે !' અશ્વવિદ્યાના તેઓ અચ્છા જાણકાર હતા.

પરંતુ શ્રદ્ધાથી રસાયેલા શ્રી સી. ટી. પટેલે કહ્યું: 'એના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ આ બગીમાં બેસશે પછી કાંઈ નહિ થાય !'

શ્રી વિલ્કિન્સને આવા જવાબની અપેક્ષા રાખી નહોતી. સ્વામીશ્રી પ્રત્યેના પ્રેમને વશ થઈને તેઓ પોતાના ગુસ્સા પરનો કાબૂ ગુમાવી બેઠા : 'તમે બધા નોનસેન્સ છો. સ્વામીશ્રીના જીવને જોખમમાં મૂકી રહ્યા છો...' તેઓએ ભાવાવેશમાં ઘણું કહ્યું.

તેઓ બોલતા હતા એ દરમ્યાન તો સ્વામીશ્રી પધારી ગયા. બીજો કોઈ નિર્ણય લેવાય તે પહેલાં તો તેઓ બગીમાં બિરાજી પણ ગયા. સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા. શ્રી વિલ્કિન્સન પણ મનોમન સમસમી રહ્યા. 'હવે શું થશે ?' એ સવાલ અન્ય સૌને પણ મૂંઝવી રહ્યો હતો.

પરંતુ સ્વામીશ્રી બેઠા અને પલવારમાં જ સૌનાં આશ્ચર્ય વચ્ચે ઘોડામાં પરિવર્તન આવી ગયું ! વિસ્ફારિત નેત્રે મદોન્મત્ત બનેલો ઘોડો જાણે સ્વામીશ્રીના સ્પર્શથી શરમાઈ ગયો હતો. તે એકદમ નીચું જોઈ ગયો. શાંત ચિત્તે કોઈ પીઢ ઋષિની પેઠે નગરયાત્રા પૂરી થતાં સુધી એ નીચી દૃષ્ટિ કરીને ચાલ્યો.

વિલ્કિન્સનના આશ્ચર્યનો પાર ન રહ્યો.

ઢોલ પીટાય ત્યાં ભડકીને ભાગવાની આદતવાળો આ ઘોડો આટલી ધમાલમાં પણ કઈ રીતે શાંત રહ્યો ?

એ અબોલ પશુની વૃત્તિઓને શાંત કરી દેનારા આ મહાપુરુષમાં એવી કઈ દિવ્યતા હતી ?

આ સવાલ વિલ્કિન્સનના હૈયે જીવનપર્યંત ઘૂંટાતો રહ્યો.

'આ દેહને નરક નહીં, મંદિર બનાવવાનું છે. દયા, શીલ, સંતોષ – એ બધા મંદિરના શણગાર છે. બહારથી ઊજળા ને અંદરથી મેલા હોય એવા શું કામના ? અંતર શુદ્ધ કરી ભગવાનને દેહમંદિરમાં પધરાવીએ તો જન્મ સાર્થક !'

'ખોટા વહેમોમાં ફસાવું નહિ. અતિ ભાવુકતા વિવેકભ્રષ્ટ બનાવે, અતિ રજોગુણ ચારિત્ર્યભ્રષ્ટ બનાવે છે અને અતિ ઘમંડથી કુટુંબનું ભંગાણ થાય છે.'

'દે એ દેવ અને બીજાનું પડાવી લેવાની દુષ્ટ ભાવના રાખે તે દાનવ. સૌનું સારું કરો, તો આપણું સારું જ થાય.'

'જ્યાં સુધી આપણું જીવન શુદ્ધ અને પવિત્ર ન થાય, ત્યાં સુધી સારો વિચાર ન આવે ને સારો વિચાર ન આવે તો ભગવાનની નજીક તો ક્યાંથી જવાના છીએ ?'

'કુસંગથી કોઈનું સારું થયું નથી. ગામ હોય કે ઘર, સમાજ હોય કે દેશ, કુસંગથી કોઈનો વિકાસ ન થાય. કુસંગ કરો તો પૈસાનેય પગ આવે ને ચારેય બાજુથી ચાલતા થાય. પ્રતિષ્ઠા અને પૈસા બેય ઘટી જાય. માટે કુસંગ-વ્યસનનો ત્યાગ કરવો અને સારાનો સંગ કરવો.'

**– પ્રમુખસ્વામી મહારાજ**

ઘૂમતાં ઘૂમતાં સ્વામીશ્રીએ દલુભાઈ મદારીને ત્યાં પગ મૂક્યો. છેલ્લા એક જ વર્ષથી તેઓ સંતોના યોગમાં આવ્યા હતા.

સંતોના સંગે દારૂ, માંસ, હિંસા, ચોરી બધું છોડીને પવિત્ર જીવનના પંથે ચડ્યા હતા.

જીવન-પરિવર્તનની નવી દિશા એમને લાધી હતી.

એમની તીવ્ર ઇચ્છા હતી કે મારા ઘરે સ્વામીશ્રી પધારે અને મને પાવન કરે. એમને અંદાજ નહોતો કે એ ગરીબનિવાજ મહાપુરુષનાં પગલાં ક્યારે થશે! પણ એમની રઢ દૃઢ હતી.

એ અરસામાં દક્ષિણ ગુજરાતનાં પછાત ગામોમાં સ્વામીશ્રીનું વિચરણ ચાલી રહ્યું હતું. દેદવાસણ, ખારપા, કુદવાડી વગેરે તદ્દન પછાત આદિવાસી ગામો સુધી પહોંચવાની રસ્તાની પણ પૂરતી સુવિધા નહોતી. એવામાં અધૂરામાં પૂરું હોય તેમ વરસાદે માઝા મૂકી.

ચાલી-ચાલીને કાદવ ખૂંદીને ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રીને સંતોએ કહ્યું : 'બાપા! હવે આપણે રહેવા દઈએ. અહીં આપને બહુ તકલીફ પડે છે.'

સ્વામીશ્રીએ એકદમ કહ્યું: 'ચાલવામાં ને વરસાદમાં આપણે થોડા ઘસાઈ જઈએ છીએ! અહીં આ લોકો હરિભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. અને તમે બધા સંતો પણ મચ્છર, માંકડ, ચાંચડ, આવી ખાવા-પીવાની મુશ્કેલીમાં ફરો છો તો મને શો વાંધો આવી જવાનો છે?'

સંતો પાસે ઝાઝી દલીલ નહોતી. હરિભક્તો માટે પોતાના દેહને ઘસી નાંખવાની, એમના તરવરાટને રોકવા માટે સંતો પાસે કોઈ શબ્દ નહોતા.

દલુભાઈ મદારીના ઘરમાં સ્વામીશ્રીએ પગ મૂક્યો ત્યારે તેઓ તો આનંદથી નાચી ઊઠ્યા. પણ સાથે સાથે એ અંધારિયા ઝૂંપડામાં સ્વામીશ્રીને ક્યાં બેસાડવા એની મૂંઝવણ તેમના મોં ઉપર ઊપસતી હતી, કારણ કે એ 'ઘર'ને ઘર કહેવું કે કાગડાનો માળો? એવાં એનાં દીદાર હતાં.

સંતોએ જ તેમને સૂચવ્યું તેમ તેમણે ઢોર બાંધવાની કોઢ્ય સાફ કરીને, ગમાણની પાળી ઉપર સ્વામીશ્રીનું આસન બનાવ્યું. ભેંસને ખીલે બાંધવાનાં વાંકાંચૂકાં લાકડાં પર પથ્થરો ટેકવીને તેના પર સંતોને બેસાડ્યા. સ્વામીશ્રીએ દલુભાઈને પ્રેમથી આશીર્વાદ આપ્યા. એમણે ઠાકોરજીનું અને સ્વામીશ્રીનું પૂજન કર્યું.

સ્વામીશ્રીએ સાથે ઊભેલા બધા જ આદિવાસી ભાઈઓની ઓળખાણ કરી. એમાંય સ્વામીશ્રીએ જ્યારે એ જાણ્યું કે દલુભાઈ બધા જ અનાચારો છોડીને શુદ્ધ થયા છે, ત્યારે સ્વામીશ્રી પોતાના આસન પરથી ઊભા થઈ ગયા અને તેમને ભેટી પડ્યા. તેમને છાતી સરસા ચાંપ્યા.

તેમની સાથેના આદિવાસી બંધુઓના વિશુદ્ધ જીવનથી પ્રસન્ન થતાં સ્વામીશ્રી તેમના પર પણ અપાર વાત્સલ્ય વરસાવતા ભેટી પડ્યા.

આ વિશ્વવંદનીય મહાપુરુષની વિશ્વવ્યાપી મહાનતાનો પરિચય એ ભોળા આદિવાસીઓને ક્યાંથી હોય? પરંતુ સ્વામીશ્રીના મહાન પ્રેમને તો એમનાં હૈયાંએ સ્પર્શી લીધો હતો.

કરુણાભીના સ્વરે સ્વામીશ્રી બોલી રહ્યા હતા: 'ભલે ગરીબ છે પરંતુ દર્શનથી શાંતિ થાય તેવા છે. આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા, આવાં ઘર તો તીર્થ કહેવાય. આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં દર્શન થઈ ગયાં.'

સમતાના મેરૂ સમાન સ્વામીશ્રી બોલતાં બોલતાં બીજી તરફ ફર્યા. દૂર સુધી પથરાયેલી વનરાજી, ગરીબ આદિવાસીઓના કૂબાઓ, થોડે દૂર રમતાં અર્ધનંગા નાનાં નાનાં ગરીબ બાળકો તરફ સ્વામીશ્રીની કરુણાદૃષ્ટિ વરસવા લાગી.

સ્વામીશ્રીને મન એ અમૃતનાં સંતાન હતાં.

સંતો અને સાથેના સૌ સ્વામીશ્રીની એ કરુણાદૃષ્ટિમાં વિશ્વંભરની દૃષ્ટિનો તાળો મેળવી રહ્યા હતા. ગરીબ સુદામા માટે કૃષ્ણે કરેલી કૃપાને સંતો વાગોળી રહ્યા હતા: *'કંચન મહોલ કર્યા સુખકારી...'*

દારેસલામના એરપોર્ટમાંથી બહાર નીકળતા પ્રમુખસ્વામી મહારાજ અને સાથી સંતોને આફ્રિકન અધિકારીઓ ઘેરી વળ્યા.

તેમણે સઘન ઊલટ તપાસ શરૂ કરી.

મ્વાન્ઝાથી અહીં પધારેલા સ્વામીશ્રીને સત્કારવા આવેલા હરિભક્તો વ્યથિત થઈ ગયા. તેમણે અધિકારીઓને સમજાવ્યા, પરંતુ અધિકારીઓ એક જ વાત રટતા હતા કે 'આ વિમાનમાં હીરાની દાણચોરી થઈ રહી છે – એ વાત પાકી છે. અમને ઉપરથી આદેશ છે. એટલે વિમાનમાં બેઠેલા બધાની તપાસ તો થશે જ.'

પરંતુ સ્વામીશ્રી જેવા નિષ્કલંક સંતને તપાસમાંથી મુક્ત રાખવા માટે હરિભક્તોએ કાકલૂદી કરી તેથી અધિકારીઓનો સંશય પાકો થયો. સ્વામીશ્રી અને સાથી સંતોનો બધો જ સામાન ખૂબ ચોકસાઈપૂર્વક તપાસવા લાગ્યા. નિત્યપૂજાની પોટલી ખોલાવીને કંકુની ડબ્બીઓ પણ ઢોળાવી. આંગળી ફેરવીને તેમાં પણ તપાસ કરી લીધી.

તપાસને અંતે અધિકારીઓ તાજ્જુબ થઈ ગયા.

તેમણે પૂછ્યું : 'તમારી મુસાફરી કઈ તરફ છે ?'

જવાબમાં જાણવા મળ્યું કે આફ્રિકાના થોડા શહેરમાં સત્સંગ પ્રવૃત્તિ કરીને ઈંગ્લેન્ડ અને અમેરિકાની યાત્રા છે.

આશ્ચર્યચકિત થતાં એ અધિકારીઓએ કહ્યું : 'તમે તો આંતર-રાષ્ટ્રિય મુસાફરી કરી રહ્યા છો. તમારી પાસે હીરા તો નથી જ, પરંતુ સામાન્ય મુસાફર પાસે હોય તેટલા પંચોતેર શિલીંગ પણ નથી ! અમારી જિંદગીમાં આવા મુસાફર પહેલી જ વાર જોવા મળ્યા છે. તમે બિલકુલ પૈસા રાખતા જ નથી ?'

આંતરરાષ્ટ્રિય મુસાફર તરીકે જ નહિ, પરંતુ એક વિશ્વવ્યાપી સંસ્થાના અધ્યક્ષ હોવા છતાં સ્વામીશ્રી પાસે પોતાની માલિકીનો એક કાણો પૈસો પણ નથી – એ જાણીને એ અધિકારીઓને લાગ્યું કે તેઓ પૃથ્વી ઉપર કોઈ જુદી માટીના મહામાનવનાં દર્શન કરી રહ્યા છે. ક્ષમા-પ્રાર્થના સાથે સ્વામીશ્રીનાં ચરણોમાં તેઓ ઝૂકી પડ્યા. (૧૯૭૪)

‘બાપા! મારે ઘરે પધારો...’

‘બાપા! મારું ઘર રહી ન જાય...’

દરેક ભાવિક-હરિભક્તના અંતરની અભિલાષા અને આશા હતી કે સ્વામીશ્રી તેમના ઘરે પધારે જ.

બપોરના ધોમધખતા તાપમાં સ્વામીશ્રીની પધરામણી શરૂ થઈ.

આખી બપોર, એક ઘરેથી બીજા ઘરે પધરામણીઓ થઈ. જરાય આરામ વગર! બામણગામ ગામના ઊંચા નીચા ઢોળાવવાળા રસ્તે સ્વામીશ્રી ઘરોઘર લોકોના તાપ શમાવવા ઘૂમી રહ્યા હતા.

સ્વામીશ્રીને ખૂબ તરસ લાગી હતી.

એમનું ગળું સુકાવા લાગ્યું પરંતુ પાણી પીવાનો ક્યાંય મેળ પડ્યો નહીં. સૌની તૃષા શમાવતાં સ્વામીશ્રી ઘરોઘર ફરીને સ્વામીશ્રી સાંજે પોતાના ઉતારે પહોંચ્યા.

ત્યાં સંતો સંધ્યા આરતી કરી રહ્યા હતા.

સ્વામીશ્રી તો સીધા આરતીમાં જ જોડાઈ ગયા. ભક્તિમાં તલ્લીન થઈ ગયા. તરસ જાણે સાવ વિસરાઈ જ ગઈ!

આરતી પૂરી થઈ, અષ્ટકો પૂરાં થયાં, સૌને વંદન કર્યાં. તેટલામાં ઘણો સમય પસાર થઈ ગયો. કોઈકને યાદ આવ્યું કે સ્વામીશ્રીને તરસ લાગી છે, એટલે સેવક સંત પાણીનો પ્યાલો લઈને આવ્યા.

સ્વામીશ્રીને આપવા હાથ લાંબો કર્યો.

પણ... સ્વામીશ્રીએ તો પ્યાલો હાથમાં લેતાં પહેલાં જ પૂછ્યું: ‘આ ઠાકોરજીને ધરાવ્યું છે?’

ખરેખર! સેવક સંત તો ઠાકોરજીને ધરાવવાનું ભૂલી જ ગયા હતા! ઠાકોરજીને અર્પણ કર્યા વિના પાણીનું ટીપું હોય કે ફૂલની પાંખડી હોય, એમને મન કશું જ ગ્રાહ્ય નથી.

તનના આવા તપ્ત સમયે પણ સ્વામીશ્રીની ઠાકોરજી પ્રત્યેની ભક્તિ ક્યારેય ઠંડી પડી નથી.

ડિસેમ્બર, ૧૯૭૧ની વાત છે. ગુજરાતનું ધર્મજ ગામ.

ગામમાં આનંદનું વાતાવરણ છવાયું હતું,

કારણ કે પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મદિન ઊજવાતો હતો. સ્વામીશ્રીની સુવર્ણ જયંતી! અને સૌથી વિશેષ તો, સ્વામીશ્રી ગુરુપદે આવ્યા ત્યાર પછીની આ પહેલી જ જન્મજયંતી હતી.

અગિયાર દિવસનો ખૂબ ભવ્ય ઉત્સવ ઊજવાયો. રોજ સવાર-સાંજ કીર્તન-ભક્તિ થાય. કથાવાર્તા થાય. ભારતભરમાંથી મહાન સંતો અને વિદ્વાનો પધારે. સ્વામીશ્રીનું ભાવથી સન્માન કરે.

સ્વામીશ્રીના ગુણો ગવાય. જયજયકાર થાય.

છેલ્લા દિવસની વહેલી સવાર થઈ.

આજે તો પ્રાણપ્યારા સ્વામીશ્રીનો ૫૧મો જન્મદિન! લોકો વહેલા ઊઠીને સભામંડપમાં બેસી ગયા હતા. હજારો લોકો તેઓની રાહ જોતા બેઠા હતા. દૂરદૂરથી હરિભક્તો ઊમટ્યા હતા. સૌ સ્વામીબાપાને વધાવવા ઉત્સાહથી થનગનતા હતા. અનેક ભાતનાં ફૂલહાર અને ભેટ-સોગાદોથી સૌ સ્વામીશ્રીને વધાવવા આતુર હતા.

બીજી તરફ, સ્વામીશ્રી તો રોજની જેમ વહેલી સવારે જાગ્યા. પાટલા ઉપર બેસીને બાવળનું દાતણ કરવા બિરાજ્યા.

દાતણ કરતાં કરતાં તેમણે જોયું કે સામે ચૉકમાં લોકોએ દાતણ કરીને ફેંકેલી દાતણની ચીરીઓ વેરાયેલી પડી હતી.

સ્વામીશ્રીએ કોઈને કશું કહ્યું નહીં.

પોતાની દાતણવિધિ કરીને સ્વામીબાપા બાથરૂમમાં ગયા. સૌ આઘાંપાછાં થયા એટલે સ્વામીશ્રી તો બહાર આવ્યા અને લોકોએ જ્યાં ત્યાં ફેંકી દીધેલી દાતણની એંઠી ચીરીઓ જાતે ઉપાડવા માંડી.

એક પણ શબ્દ બોલ્યા સિવાય એમણે દાતણની એંઠી ચીરીઓ કચરા ટોપલીમાં નાંખી દીધી.

ખૂબ ઝડપથી, ખૂબ ચપળતાથી બધું સાફ કરી નાંખ્યું. એમને રોકવાની કોઈને તક પણ ન મળી.

ભલે સ્વામીશ્રી મુખથી ન બોલ્યા, પણ એમનું વર્તન અનેક ગણું કહી જાય છે.

એ એમના ભવ્ય જન્મોત્સવનો દિન હતો! પણ સ્વામીશ્રીને મન તો સેવા એ જ ઉત્સવ હતો!

સ્વામીશ્રીને સેવાનો આનંદ હતો. ઉત્સાહ હતો. સેવા તો સ્વામીશ્રીની નસમાં વહેતું લોહી જ છે!

સેવા તો સ્વામીશ્રીનો સ્વભાવ છે! તેથી તો તેઓ પોતાને સેવક જ માને છે ને!

એ જ એમની મહાનતા છે!

'કેટલાક લોકો કહે છે કે ભગવાન પાસે જવામાં અહીંથી શું તૈયારી કરવી? પણ અવકાશયાત્રીઓને ચંદ્ર પર જવું હતું તો તૈયારી ક્યાં કરી? અહીં પૃથ્વી ઉપર જ. એમ આ દેહે જ ભગવાન અને સંતને ઓળખી લેવાના છે.'

'શૂટ-બૂટ, ટાઈ પહેરીને પફ-પાવડર લગાવીને, શરીરને શણગારીને ઈન્ટરવ્યૂ આપવા જાય તો ખાલી રૂપ જોઈને કોઈ નોકરીએ નથી રાખતું. એ તો સર્ટિફિકેટ માંગે. લાયકાત ને અનુભવ માંગે. એમ ઉપરના આટાટોપથી ભગવાન રીઝતા નથી, એ તો અંદરના ગુણો ને સાચો ભક્તિનો રંગ ચઢ્યો હોય તો જ રાજી થાય છે.'

'હીરા જોઈતા હોય ને ડુંગળીના ગાંઠિયા વેચનાર પાસે જઈએ તો મળે? ઊલટું આંખ બળે! એમ આત્મજ્ઞાન સંતો પાસે જ મળે, બીજે નહીં.'

'જીવનમાં પૈસા, સત્તા, વૈભવથી જે આનંદ નહીં આવે તે આનંદ દરેકનું સારું જોવા-સાંભળવા-કરવામાંથી આવશે. સાચા સંતપુરુષના સમાગમથી જ આ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.'

'સત્સંગ મનને શુદ્ધ કરવાનો સાબુ છે.'

**– પ્રમુખસ્વામી મહારાજ**

અમેરિકાના લૉસ એન્જલસ શહેરમાં સ્વામીશ્રી મંદિરનો ચતુર્થ પાટોત્સવ ઊજવી રહ્યા હતા.

વૈદિક મંત્રોચ્ચાર ગુંજી રહ્યો હતો.

વાતાવરણ દિવ્ય બન્યું હતું.

સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ ઉપર પવિત્ર જળનો છંટકાવ કરીને મૂર્તિના પાટોત્સવનો વૈદિકવિધિ કરી રહ્યા હતા.

એ જ સમયે નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી (આચાર્ય સ્વામી) આગળ વિચરણ માટે સ્વામીશ્રી પાસે વિદાય લેવા આવ્યા. વિદાય આપવાને બદલે સ્વામીશ્રીએ તેમના હાથમાં રૂમાલ આપીને કહ્યું: 'મૂર્તિ પરથી જળ લૂછો. આટલી સેવા કરતા જાવ!'

નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ મૂર્તિ પરથી જળ લૂછવાનું શરૂ કર્યું. સેવા કરતાં કરતાં તેમને મૂર્તિના દેવત્વ વિષે સંશય થયો. એ વિચારમાં પરોવાયેલા નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ રૂમાલમાં જ હાથ રાખી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જરા જોરથી દબાવ્યો.

સ્વામીશ્રી તો તે વખતે બીજાં જ કાર્યમાં વ્યસ્ત હતા, પરંતુ એકદમ ચમકતાં તેઓનું ધ્યાન નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી તરફ ગયું. જાણે એમનો પોતાનો અંગૂઠો દબાયો હોય તેમ તેઓ બોલી ઊઠ્યા:

'આચાર્ય! આસ્તે!'

નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી દિગ્મૂઢ બની ગયા. તેમણે કહ્યું: 'આપને કેવી રીતે ખબર પડી?'

મંદ સ્મિત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ખબર તો પડે જ ને!'

તેઓની આંખોમાં નિરાળી ચમક હતી.

મૂર્તિ સાથેના તાદાત્મ્યની એ ચમક હતી કે તેમના અંતર્યામી-પણાની, તે નક્કી કરવા માટે નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી પાસે સજ્જતા ન હતી. તેઓ સ્વામીશ્રીના દિવ્યત્વમાં ખોવાઈ ગયા હતા...

(૧૯૮૮)

ઉનાળાના બળબળતા દિવસો હતા.

ભરબપોરે એક હરિભક્ત વિદ્યાનગરના અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં પ્રવેશ્યા. પોતાની નવી ખરીદેલી ટ્રક સ્વામીશ્રીના હસ્તે પાવન કરાવવી હતી. સ્વામીશ્રીને વિનંતી કરી. બહાર પધારીને સ્વામીશ્રીએ ઠાકોરજી સહિત ટ્રકનું પૂજન કર્યું.

પૂજન કરીને સ્વામીશ્રી ઓરડામાં જવાને બદલે બીજી દિશામાં વળ્યા. એ દિશામાં દૂર ઊભેલા સાધુજીવનદાસ સ્વામી આશ્ચર્યથી સ્વામીશ્રીના પોતાના તરફના આગમનને જોઈ રહ્યા.

સ્વામીશ્રીએ તેમની નજીક આવીને અપાર પ્રેમથી પૂછ્યું: 'જોડા નથી પહેર્યા ?'

સ્વામીશ્રીના આ અણધાર્યા સવાલથી સંત ચોંકી ઊઠ્યા. તેમણે કહ્યું: 'બાપા ! નથી પહેરતો !'

સ્વામીશ્રીએ જાણ્યું કે તપ કરવાની રુચિવાળા આ સંતે પગમાં કંઈ ન પહેરવાનો નિયમ લીધો છે. જાણે આંચકો લાગ્યો હોય તેમ એકદમ ત્યાં ને ત્યાં જ સ્વામીશ્રીએ પોતાના પગમાં પહેરેલાં પગરખાં કાઢી નાખ્યાં. કરુણાભીના થઈને એ સંતને પગરખાં ધરતાં કહે: 'લ્યો, પહેરો. આજથી જોડા-સ્લીપર જે ફાવે તે પહેરજો !'

આ અપાર કરુણાભીના વાત્સલ્યની ગંગામાં એ સંત તરબોળ બની ગયા. માતા કરતાંય વધુ વાત્સલ્ય આ એક વાક્યમાં ઝરી રહ્યું હતું. સંતે આનાકાની કરીને સ્વામીશ્રીનાં પગરખાં ન જ પહેર્યાં પરંતુ બળબળતા તાપમાં બળતા સ્વામીશ્રીનાં એ ઉઘાડાં ચરણ એમના હૃદયમાં કાયમ માટે એક અમીટ છાપ મૂકી ગયાં.

આત્મીયતાની એ ચરમસીમા હતી !

વલસાડના એક સાગરખેડુ ખારવાનો નાનો બાળક અકસ્માતમાં ઘવાયો હતો. એને તાત્કાલિક સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

સ્વામીશ્રીએ એ નિર્દોષ બાળકની પરિસ્થિતિથી દ્રવી ઊઠ્યા.

એ જ દિવસોમાં સ્વામીશ્રીને સુરત આવવાનું થયું.

એક સવારે અચાનક જ તે બાળકને મળવા જવાની તેમણે ઇચ્છા દર્શાવી. તાત્કાલિક તેઓ નીકળ્યા, પરંતુ હોસ્પિટલવાળા રસ્તે મોટર આગળ વધી શકે તેમ નહોતી, કારણ કે રોડની બંને બાજુએ ખોદકામ થયું હતું. પરંતુ સ્વામીશ્રી થોભ્યા નહિ, ચાલીને જવાની તેમણે ઇચ્છા દર્શાવી.

૮૦ વર્ષની ઉંમરે સેવકોનો હાથ પકડીને બે બાજુ ખાડાવાળા રોડ પર ખાડાઓ કૂદતા અને માટીના ઢગલા ખુંદતાં સ્વામીશ્રી આઇ.સી.યુ.માં દાખલ કરેલા બાળક પાસે પહોંચ્યા. એ બાળકના મસ્તક પર મૃદુ પ્રેમાળ હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રી તેને બોલાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા : 'પ્રશાંત ! જય સ્વામિનારાયણ...' જો કે પ્રશાંત તો ગાઢ તંદ્રામાં ખોવાઈ ગયો હતો, પરંતુ સ્વામીશ્રીને શ્રદ્ધા હતી કે એ બાળક જરૂર તેમનો સ્વર સાંભળી રહ્યો છે. સ્વામીશ્રીએ એને ઠાકોરજીનો હાર પહેરાવ્યો. આખા શરીરે પ્રેમળ હાથ ફેરવીને એના પિતા શાંતિલાલને આશ્વાસન આપ્યું. મદદ માટે તમામ બાંહેધરી આપીને એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી.

હૉસ્પિટલમાંથી બહાર આવીને ફરીથી અઢી અઢી ફૂટના ખાડાઓ સેવકોના સહારે ધ્રૂજતાં ધ્રૂજતાં ઓળંગીને સ્વામીશ્રી પા એક કિ.મિ. અંતર કાપીને મોટર સુધી પહોંચ્યા.

એમને હવે અંતરે સંતોષ હતો – એક નિર્દોષ અબુધ અને ગરીબ બાળકના દુઃખમાં ભાગ લીધાનો !

અતિ વ્યસ્તતા વચ્ચે સમય કાઢ્યાનો અને આવી તકલીફ વેઠ્યાનો ભાર એમના મુખ પર જરાય નહોતો. (૧૯૯૯)

'ચોર... ચોર... ચોર... પકડો... પકડો...!'

મધરાતની નીરવ શાંતિમાં આ બૂમાબૂમથી સૌ જાગી ગયા.

ત્રિચિનાપલ્લીમાં યાત્રાએ આવેલા સ્વામીશ્રીના બાજુના ઓરડામાં સૂતેલા રામચરણ સ્વામી આ દેકારાથી દોડતાં દોડતાં બહાર આવ્યા.

'અહીં જ આવ્યો છે... શોધો... પકડો...' સો એક માણસોનું ટોળું હાથમાં લાકડીઓ લઈને બૂમરાણ મચાવતું અહીં તહીં ઘૂમી રહ્યું હતું. તેમને શંકા હતી કે ચોરી કરીને ચોર આ ધર્મશાળામાં ઘૂસી આવ્યો છે.

રામચરણદાસ સ્વામી એકદમ સ્વામીશ્રીના રૂમમાં આવ્યા. જોયું તો પથારી ખાલી હતી, માત્ર તેમનું ઉત્તરીય વસ્ત્ર ત્યાં પડ્યું હતું. સ્વામીશ્રીને શોધવા માટે હાંફળાં-ફાંફળાં થતાં રામચરણદાસ સ્વામી ઉપરના ચોથા માળે ચૉક તરફ ગયા. દૂરથી તેમની નજર પડી. આછા અજવાળામાં સ્વામીશ્રીની આકૃતિ જણાઈ આવી.

તેઓ દોડતાં ત્યાં પહોંચ્યા.

અંધારામાં નિર્ભયતાથી સ્વામીશ્રી ઊભા હતા.

ઉઘાડા શરીરે કેવળ ધોતિયાભેર ઊભેલા સ્વામીશ્રીએ ધીમા અવાજે રામચરણદાસ સ્વામીને શાંત રહેવા કહ્યું. સ્વામીશ્રીના હાથમાં ટૉર્ચ હતી. ટૉર્ચથી તેમણે કંઈક સૂચવ્યું.

રામચરણદાસ સ્વામીને હવે કંઈક સમજ પડી કે બૂમાબૂમથી સ્વામીશ્રી પણ જાગી ગયા હતા, સ્વામીશ્રીની રૂમ રોડ તરફ પડતી હતી, પળભરમાં તેઓ પરિસ્થિતિને પામીને પોતે જાતે જ ચોરને શોધવા ઉપરના માળે અહીં ચૉક સુધી આવ્યા હતા. અને સ્વામીશ્રી ઊભા હતા ત્યાં એક ટાંકી હતી, ચોરને અંધારામાં ખ્યાલ ન રહેતાં ઢાંકણા વગરની આ ટાંકીમાં પડી ગયો હતો. અને હવે કદાચ તે ટાંકામાં છુપાવાનો પ્રયત્ન કરતો હતો. ટૉર્ચથી સ્વામીશ્રીએ તેનો નિર્દેશ કર્યો.

સ્વામીશ્રીએ હળવેથી કહ્યું : 'આપણે તેને બહાર કાઢીએ.'

ચોરને બહાર કાઢ્યો. તે ભયનો માર્યો થરથર ધ્રૂજી રહ્યો હતો. તેને થતું હતું કે હવે તેનો અંતિમ અંજામ નજીક છે. સ્વામીશ્રી રામચરણદાસ

સ્વામીને સૂચના આપી રહ્યા હતા: 'આને પાણી પાવ! મારશો નહીં.'

એ કંઈક આશ્ચર્યની નજરે સ્વામીશ્રી તરફ જોતો રહ્યો.

સ્વામીશ્રીએ તેને પ્રેમપૂર્વક પાણી પિવરાવ્યું ત્યારે તેને લાગ્યું કે પોતે કોઈક નિરાળા હાથમાં ઝડપાયો છે.

સ્વામીશ્રી તેના તરફ કરુણાદૃષ્ટિ કરતાં રામચરણદાસ સ્વામીને કહી રહ્યા હતા: 'તેને બહાર પણ નહીં જવા દેતા. લોકો લાકડીઓ લઈને ઊભા છે. બીચારાને ટીપી નાખશે...'

મૂઢની જેમ ઊભો રહેલો ચોર સ્વામીશ્રીની ગુજરાતી ભાષા લેશ-માત્ર સમજતો નહોતો. પણ સ્વામીશ્રીના હૃદયમાંથી વહેતી કરુણા-ગંગાને એ પામી ચૂક્યો હતો. પોતે કોઈક સલામત હાથમાં છે એવો વિશ્વાસ હવે તેની આંખોમાં છલકવા લાગ્યો હતો!

સ્વામીશ્રીએ તેને તૂટીફૂટી હિન્દીમાં સદ્બોધ આપ્યો: 'ભાઈ! કોઈકનું લૂંટીને શા માટે ખાવું? જાતમહેનત કરીએ! હરામનું ખાવું નહીં... ચોરી કરવી તેના કરતાં ભગવાને હાથ-પગ આપ્યા છે તેનો ઉપયોગ કરી મહેનત કરને!... ભગવાન અંતર્યામી છે... દયા કરશે...'

ચોર માથું ધુણાવતો રહ્યો. સ્વામીશ્રીના શબ્દોમાં એને કેટલી સમજણ પડતી હતી તે એક અલગ સવાલ હતો, પરંતુ તેના હૈયામાં આ નિર્મળ હૃદયના સંતની ક્ષમાભાવના નવાં આંદોલનો જગાવી રહી હતી.

જીવનભર ચોરી ન કરવાનો સંકલ્પ તેના હૈયે ઊઠી રહ્યો હતો...

જીવન પરિવર્તનની એ મંગલ ક્ષણ હતી...

અને સ્વામીશ્રીનાં ચરણે આભારવશ તે ઝૂકી પડ્યો...

સ્વામીશ્રીનો અભય હસ્ત તેના પર આશીર્વાદ વરસાવી રહ્યો...

(૧૯૭૭)

> 'બીજાને દુઃખી કરીને ક્યારેય પણ સુખી થવાતું જ નથી. બીજાના સુખમાં જ આપણું સુખ છે. બીજાના ભલામાં જ આપણું ભલું છે. બીજાના ઉત્કર્ષમાં જ આપણો ઉત્કર્ષ છે.'
>
> **– પ્રમુખસ્વામી મહારાજ**

રાતના ૧૦-૩૦ વાગે ખેડા જિલ્લાના નેશનલ હાઈવે પર સ્વામીશ્રીની ગાડી પૂરપાટ દોડી રહી હતી.

દુષ્કાળ રાહતકાર્ય માટે ઠેર ઠેર ઘૂમતા સ્વામીશ્રીએ અનેક આયોજનો ગતિમાન કર્યાં હતાં. ભવાનપુરામાં કેટલ કૅમ્પનું કાર્ય-નિરીક્ષણ કરીને સ્વામીશ્રી હવે બોચાસણના કેટલ કૅમ્પ તરફ જઈ રહ્યા હતા.

બોચાસણમાં સંતો-હરિભક્તો કાગના ડોળે સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

સ્વામીશ્રીએ વાહનચાલકને અચાનક કહ્યું: 'ગાડી જમણી તરફ વાળી લે.'

ડ્રાઈવરે પૂછ્યું: 'બોચાસણ નથી જવું?'

સ્વામીશ્રીએ મૌન સેવ્યું.

હાઈવે છોડીને ગાડી ખેડા જિલ્લાના અંતરિયાળ રસ્તે વળી.

સાથેના સેવકોને પણ આશ્ચર્ય થયું. ચાર ચાર ગામોમાં સ્વામીશ્રી આજે વિચર્યા હતા. કેટલો તેનો થાક હતો! અને એમાં વળી કોઈ નવું ગામ ઉમેરાશે કે શું?

વચ્ચે ગામનું એક પાટિયું આવ્યું. તારાપુર તરફ પૂરપાટ દોડતી ગાડીને ધીમે પાડવાની સૂચના આપતાં સ્વામીશ્રીએ ડ્રાઈવરને કહ્યું: 'આ લીંબાસી ગામમાં અંદર લઈ લે!'

રાતના અંધારામાં સ્વામીશ્રીની ગાડી ગામમાં અંદર પ્રવેશી.

લગભગ આખું ગામ રાતનું ઓઢણું ઓઢીને જંપીને સૂઈ ગયું હતું.

સ્વામીશ્રી ડ્રાઈવરને ડાબે-જમણે દિશા બતાવતાં એક ઘર સુધી દોરી ગયા. ગાડી ઊભી રખાવી. ડ્રાઈવરને મોકલીને બારણું ખખડાવ્યું:

'ડાહ્યાભાઈ છે?'

'કોણ?' પ્રશ્નાર્થ સાથે બારણું ખુલ્યું. અને તરત જ અપાર આશ્ચર્ય સાથે બૂમ પડી ગઈ: 'અરે! આ તો સ્વામીબાપા આવ્યા...'

આ સ્વપ્ન હતું કે સત્ય! આંખો સાચું માનવા તૈયાર નહોતી.

સેવકોનો ટેકો લઈ સ્વામીશ્રી અંદર પ્રવેશ્યા.

‘ડાહ્યાભાઈ ક્યાં છે ? એમને મળવા જ ખાસ આવ્યા છીએ. ઘણા દિવસથી ઇચ્છા થતી હતી કે ડાહ્યાભાઈ બીમાર છે તો મળવા જઈએ, પણ આજે મેળ પડ્યો...’ બોલતાં સ્વામીશ્રીના મુખ પર ડાહ્યાભાઈને મળવાની તત્પરતાનો ચમકારો રાતના અંધારામાં ચમકતો હતો.

માંદગીના બિછાને સૂતેલા ડાહ્યાભાઈએ બેઠા થવાનો પ્રયત્ન કર્યો.

‘મને હતું જ કે બાપા જરૂર આવશે...!’ આંખમાં હર્ષાશ્રુ સાથે કૅન્સરગ્રસ્ત ડાહ્યાભાઈએ સ્વામીશ્રીને આવકાર્યા. સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તે માટે સૌ આસનની દોડાદોડી કરવા લાગ્યા.

ડાહ્યાભાઈને સૂતા રહેવાની જ સૂચના આપતા સ્વામીશ્રી તો આસનની પરવા કર્યા સિવાય ડાહ્યાભાઈના પલંગની પાંગતે જ બેસી ગયા.

આત્મીયતાભર્યો સ્વામીશ્રીનો સ્વર અને સ્પર્શ ડાહ્યાભાઈને કૅન્સરના ભયાનક દર્દની કે મૃત્યુના ભયથી અમર કરી રહ્યો હતો.

વીજળીના વેગે ગામમાં ખબર પડી ગઈ કે સ્વામીશ્રી આવ્યા છે. પથારીમાંથી ઊઠી ઊઠીને ખુલ્લા ડિલે સૌ દોડી દોડીને આવવા લાગ્યા.

સૌને મળ્યા.

આત્મીયતાભરી સભા થઈ ગઈ.

મોડી રાત સુધી બિરાજીને સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે સૌના અંતરે આ અકલ્પ્ય કરુણાની એક અમીટ છાપ અંકાઈ ગઈ હતી.

ડાહ્યાભાઈ તો અક્ષરધામની લગોલગ હોવાનો આનંદ અનુભવી રહ્યા હતા. પોતાની જાતને તેઓ સવાલ પૂછી રહ્યા હતા : ‘ક્યાં પોતે એક સાવ સામાન્ય અને અદના હરિભક્ત અને ક્યાં વિશ્વવંદનીય વિભૂતિ સ્વામીશ્રી !’

પ્રશ્નનો તાળો તો મળતો નહોતો પરંતુ જવાબમાં જીવતરની કૃતાર્થતા અને ધન્યતા આંસુરૂપે બહાર વહી આવતી હતી... (૧૯૮૮)

૧૯૯૦, કાર્ડીફ, ઇંગ્લેન્ડ.

સાંજે એક હૉલમાં યોજાયેલી જાહેર સ્વાગત સભામાંથી થોડા વહેલા નીકળીને સેવક સંતો ઠાકોરજીના થાળ માટે નીકળી ગયા. રસોડે પહોંચીને જોયું તો રસોઈનું ઘણું કામ બાકી હતું. સેવક સંતોએ ઝપાટા-બંધ બધું તૈયાર કરવા માંડ્યું.

ઠાકોરજીને ભાવપૂર્વક થાળ ધર્યો ત્યાં તો સ્વામીશ્રી પધાર્યા.

ભોજન માટે બિરાજ્યા.

હજુ જમીને બીજે ક્યાંક આરામ માટે જવાનું હતું.

સેવક સંતે ઉતાવળે ઉતાવળે પીરસી દીધું. જમતાં જમતાં સ્વામીશ્રી જેમને ઘેર જમવાનું હતું તેમની વાતો સાંભળતા રહ્યા.

છેલ્લે ખીચડી જમી રહ્યા.

સેવક સંતે આગ્રહ કરીને કઢી થોડી વધારે આપી.

સ્વામીશ્રીએ પ્રથમ તો ના પાડી. પણ સેવકના આગ્રહથી લઈ લીધી. સ્વામીશ્રીએ જમી લીધું ત્યાં તો બીજા સંતે અંદરથી બૂમ મારતાં કહ્યું: 'સ્વામીબાપાને કઢી ન આપતા, ખરાબ છે. ખૂબ ગંધાય છે !'

હાંફળા-ફાંફળા સેવકોએ રસોડામાં જઈને તપાસ કરી તો ખબર પડી કે જે વસ્તુને દહીં સમજીને તેમણે કઢી બનાવી હતી તે દહીં નહોતું, ફ્રિજમાં ઘણા દિવસની પડી રહેલી દૂધની મલાઈ હતી !

તેમણે ચાખ્યું, અત્યંત વિચિત્ર સ્વાદ હતો.

પણ સ્વામીશ્રી તો જમી ગયા !

સેવકના મનમાં બળતરા થવા લાગી કે તેની ભૂલને કારણે સ્વામીશ્રીની તબિયતના ભોગે જેવું તેવું જમાડી દીધું.

સેવકે માફી માગી: 'બાપા ! ભૂલ થઈ ગઈ...'

સ્વામીશ્રી ઠંડા કલેજે બોલ્યા: 'ઠાકોરજી જમ્યા પછી આપણે શું વાંધો છે ?'

આ નિઃસ્વાદી મહાપુરુષને ઠાકોરજી ભક્તિ સિવાય બીજો સ્વાદ જ ક્યાં છે !

'તારું નામ શું ?'

એ પ્રેમસભર ટહુકાથી તે ચોંક્યો.

તેને થયું કે ભર દિવસેય મારું નામ પૂછવાની કોઈને પડી નથી હોતી અને આજે વળી આખું ગામ સૂઈ ગયું હતું ત્યારે મધરાતે મારા જેવા નકામા માણસનું નામ પૂછવાની વળી કોને જરૂર પડી ?

પાછળ વળીને નજર કરતાં એ વધારે ચોંક્યો.

'આ તો મોટા મહાત્મા ! એમને મારું શું કામ પડ્યું હશે ?' એનું મગજ આગળ દોડે એ પહેલાં તો એ પગલાં નજીક આવી ગયાં.

ભીમપુરા. ભરૂચ જિલ્લા આમોદની બાજુનું એ સાવ પછાત ગામ.

ગામના સરપંચ ચુનીભાઈને ઘેર સ્વામીશ્રીનો ઉતારો હતો. રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યે લોકોને મળીને સ્વામીશ્રી આરામ માટે જઈ રહ્યા હતા. સૂતાં પહેલાં પાછળના ફળિયામાં લઘુશંકા કરવા ગયા ત્યારે નજર પડી કે ત્યાં ખુલ્લામાં એક આધેડ વયનો માણસ બીડી પીતો હતો.

સ્વામીશ્રી તેની પાસે ગયા, હળવેકથી નામ પૂછ્યું.

સ્વામીશ્રીને જોઈને તે બે ઘડી તો ગભરાઈ ગયો, હાથમાં રાખેલી બીડી ધડ દઈને ફેંકી દીધી.

'બાપજી ! મારું નામ ? મંગળ.'

'વાહ ! સરસ નામ છે ને ! અહીં શું કરે છે, ભાઈ ?'

તેના ખભા ઉપર હાથ મૂકીને પ્રેમથી તેનું કામ પૂછ્યું.

'ચાકર છું, આ સરપંચને ત્યાં ચાકરી કરું છું.'

'દારૂ વગેરે કંઈ લેતા નથી ને ?'

'કદી નહીં, મા'રાજ !'

'બીડી પીવો છો ?'

'હોવે, એ તો પીવી જ પડે.' તેણે કહ્યું.

'છોડી દેજો.' સ્વામીશ્રી તેને સમજાવવા લાગ્યા : 'આ વસ્તુ નકામી છે, શરીર બગાડશે. તે આપણા માટે છે જ નહીં, માટે છોડી દેજો. તો સુખી થશો. તે શરીર અને પૈસો બંને બરબાદ કરે છે.'

'હોવે, મા'રાજ !' મંગળે કહ્યું.

લઘુ કર્યા બાદ સ્વામીશ્રી ફરી તેની પાસે આવ્યા.

વહાલથી કહે: 'તમારે કેટલા દીકરા છે ?'

'બે.'

'તેને કાંઈ વ્યસન છે ?'

'હોવે, એવો એ પણ દારૂ પીવે છે.'

સ્વામીશ્રી કહે: 'તેને સવારે લાવજો. કંઠી પહેરાવીશું. દારૂ પણ છોડાવીશું. અને તમોને પણ કંઠી પહેરાવીશું. રોજ માળા ફેરવજો. આ વ્યસન છોડી દેજો. સુખિયા થઈ જશો.'

અને બીજે દિવસે સવારે પોતાના પુત્ર સાથે સ્વામીશ્રીનાં ચરણે એ દોડી આવ્યો, તેને જોઈને સ્વામીશ્રીનાં કરુણાભીનાં નેત્રો હરખાઈ ઊઠ્યાં. આશીર્વાદનો ધબ્બો માર્યો, તેના જમણા હાથમાં જળ મૂકી પ્રતિજ્ઞા લેવડાવી, મંગળે એક ધડાકે વ્યસન મૂકી દીધું, ને એના પુત્રે પણ ! રોજ નાહી-ધોઈ સ્વચ્છ થઈને પૂજા કરતા થઈ ગયા.

સ્વામીશ્રીનો આત્મીયતા ભર્યો લગાવ જીવન-પરિવર્તનની કેવી અનુપમ ચમત્કૃતિ સર્જતી હોય છે ! નિઃસ્વાર્થ પ્રેમની એ હૂંફ કંઈક હૃદયમાંથી અનેક વર્ષો, અનેક જન્મોનો કચરો એક ક્ષણમાં ભસ્મીભૂત કરી દે છે.

મંગળ તેનો અનુભવી હતો. આ અનુભવનો આનંદ તેને રોમે રોમ વ્યાપ્યો હતો. આ પ્રેમવર્ષાથી તાજ્જુબ થઈ ગયેલો મંગળ યાદ કરવા લાગ્યો: આજે તેને જે હેત મળ્યું એવું જિંદગીમાં ક્યારેય મળ્યું હતું ?

જવાબ મળતો નહોતો.

'દરેકમાં ભગવાનને જોવાની દૃષ્ટિ આવે તો 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના જાગે. પછી કોઈ પારકું રહેતું નથી.'

**– પ્રમુખસ્વામી મહારાજ**

'ભગવાનને ત્યાં ઊંચનીચના ભેદો નથી. કર્મે કરીને સૌના ભેદ છે. કર્મ જો સારાં હોય, તો આપણે બ્રાહ્મણો કરતાં પણ સારા છીએ....

'આપણામાં અનેક પ્રકારનાં વ્યસનો પેસી ગયાં છે. એટલે જુઓ, આ છાપરાં હજુ ઊંચાં નથી થયાં અને આપણે પણ ઊંચા આવી શક્યા નથી. સંસ્કાર હશે તો ભલે સામાન્ય હશો, ઝૂંપડામાં રહેતા હશો તોપણ વંદનીય છો. સંસ્કાર કેળવશો તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહિ લાગે.'

સ્વામીશ્રીની આ વાણીથી સૌ હરિજનો-વણકરોનાં દિલ હચમચી ગયાં. ભોજ ગામના છેવાડે આવેલા એમના હરિજનવાસમાં આ ઓલિયા મહાપુરુષ આજે સામે ચાલીને પધાર્યા હતા. એમનાં તૂટેલાં-ફૂટેલાં ઝૂંપડાંઓ વચ્ચે તેઓ સૌને ભેગા કરીને સ્નેહપૂર્વક મળ્યા. ખાલી ખાલી સદ્ભાવની વાતો કરવામાં સ્વામીશ્રીને રસ નહોતો. તેમને તો જીવન-ઉદ્ધારમાં રસ હતો. શરૂઆત જીવનશુદ્ધિથી કરી. સ્વામીશ્રીની સ્નેહલવર્ષાથી આ વાસમાં પેસી ગયેલાં વર્ષો જૂનાં દારૂ અને બીડી-તમાકુ વગેરેનાં વ્યસનો સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી દીધાં.

આ વાતને મહિનો વીત્યો. ધૂળેટીનો દિવસ આવ્યો. દર વર્ષની જેમ આ વર્ષે પણ દારૂની મહેફીલ માણવા બહારગામથી મહેમાનો ઊતરી પડ્યા, પરંતુ વાસમાં પગ મૂકતાં જ તેમને આશ્ચર્ય થયું.

અહીં નાની એવી સભા હતી. બાઈ-ભાઈ સર્વેના હાથમાં 'શિક્ષાપત્રી' અપાઈ હતી. એનું વાચન થયું. પવિત્ર વાતાવરણમાં ભક્તિભાવથી ઉત્સવની ઉજવણી થઈ. મહેમાનોને અહીં દારૂ ન મળ્યો. લોકોએ દારૂ પીવા આગ્રહ કર્યો, ત્યારે તેઓ કહેવા લાગ્યા :

'ભઈ ! ઈ રે'વા દ્યો. હવે અમે પ્રમુખસ્વામીના થયા છીએ. હવે અમારાથી એવું મોઢે ન લગાડાય !' એક જુદી જ અસ્મિતાનો તેમાં રણકાર હતો. જીવન સુખી બન્યાનો આનંદ એમાંથી ઝરતો હતો.

ધૂળેટીના દિવસે જ્યાં પગ પણ ન મુકાય ત્યાં, સ્વામીશ્રીની કરુણાથી, ઉચ્ચ આચાર અને ઊર્ધ્વ જીવનનો કેવો અપૂર્વ ગુલાલ છવાયો હતો !

યુ.એસ.એ.માં ભારતીય સંસ્કૃતિનો જયઘોષ ગુંજાવતો ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. અમેરિકાના પ્રેસિડેન્ટથી લઈને લાખો નાગરિકો સુધી સૌ કોઈનાં હૈયે એક અમીટ છાપ અંકિત થઈ રહી હતી...

આ મહોત્સવના પ્રેરક અને પ્રયોજક સ્વામીશ્રી એક મહાન આધ્યાત્મિક વિભૂતિ તરીકે સૌનાં દિલોદિમાગમાં વ્યાપી રહ્યા હતા. પરંતુ એ સંતવિભૂતિનો પરિચય એક સાંજે વિશિષ્ટ રીતે સૌને મળ્યો.

રોજ જમ્યા પછી તેઓ મીઠાના પાણીના કોગળા કરે છે.

એક દિવસ રોજ પ્રમાણે સેવક સંતે કોગળા માટે મીઠાનું પાણી આપ્યું. કોગળા કરતાં કરતાં સ્વામીશ્રીએ બે વખત પૂછ્યું : 'આ મીઠું છે ?'

સેવકે કહ્યું : 'હા, આજે નવું જ બૉટલમાં ભર્યું છે !'

સ્વામીશ્રી મૌન રહ્યા, ને ફરી બધા જ પાણીના કોગળા કરી લીધા. પરંતુ સ્વામીશ્રીએ બે વખત પૂછ્યું હતું તેથી સેવક સંતે પાકું કરવા માટે રસોડામાં જઈને તરત જ એ બૉટલ તપાસી જોઈ. મીઠું જ જણાતું હતું.

થોડું હાથમાં લઈ ચાખી જોયું તો થૂ થૂ કરતાં તેમણે થૂંકી નાખ્યું.

એ મીઠું નહોતું, લીંબુનાં ફૂલ હતાં ! સાયટ્રિક ઍસિડ !!

સ્વામીશ્રીએ હરફ પણ ઉચ્ચાર્યો નહીં.

કોઈ જ ઠપકો નહીં, શબ્દ પણ નહીં, અરે, ફરી એ પ્રસંગ સંભાર્યો પણ નથી !!

સેવક સંત આજે પણ એ પ્રસંગ સંભારે છે ત્યારે ગળગળા થઈ જાય છે, સહિષ્ણુતાની એ મૂર્તિ એમના માનસપટ પર છવાઈ જાય છે, અને એક સહજ ગરમ ઉચ્છ્વાસ તેમના મુખમાંથી નીકળી જાય છે :

'સ્વામી ! આપ આવું કેટલું સહન કરો છો...!' (૧૯૯૧)

રઢુના રતનસિંહને ચામડીનો અસાધ્ય રોગ થયો હતો.

આખું શરીર અસહ્ય વેદના સાથે સડતું સબડતું હતું.

પરુથી ભરાઈ ગયેલા એમના શરીરને ડૉક્ટરો પણ ન અડે,

ઘરના માણસો, અરે ! એમનાં પત્ની સુધ્ધાં નજીક ન આવી શકે.

રતનસિંહને સમજાતું નહોતું કે કયા કર્મના ભોગે આ અસહ્ય વેદનામાંથી તેમને પસાર થવું પડે છે ! જીવતર નકારું થઈ ગયું હતું, પરંતુ મનોવ્યથાને મનમાં ને મનમાં ઘૂંટ્યા સિવાય આરો જ ક્યાં હતો !

નડિયાદની એક હૉસ્પિટલમાં કણસતા રતનસિંહને અચાનક સમાચાર મળ્યા કે પ્રમુખસ્વામી મહારાજ તેમને મળવા આવ્યા છે ! તેઓ આ સમાચારથી ઘેલા ઘેલા થઈ ગયા. પથારીમાં બેઠા થવા ગયા ત્યાં તો સ્વામીશ્રી આવી પહોંચ્યા અને કશી ઔપચારિકતા વગર તેમના પલંગ પર બેસી ગયા. રતનસિંહની આંખો ઊભરાઈ આવી. કેવી કરુણા !

તેમને ધીરજ આપતાં સ્વામીશ્રી રતનસિંહના પરુગ્રસ્ત શરીર પર પ્રેમાળ હાથ પસવારતા રહ્યા. અને એ દિવ્ય સ્પર્શે રતનસિંહના રોમેરોમમાં શીતળતા પ્રસરી ગઈ. કેટલીય વાર સુધી સ્વામીશ્રી તેના પલંગ પર બેસી જ રહ્યા અને આશીર્વાદ આપતાં કહ્યું : 'જાવ, કશું નહીં થાય, બધું મટી જશે !'

સ્વામીશ્રીના એ અભય હસ્ત અને એ કરુણાળાં નેત્રોમાંથી વહેતા દિવ્ય વાત્સલ્યને રતનસિંહ માણતા રહ્યા. પોતાના જેવી સાવ સામાન્ય વ્યક્તિ માટે આવા મહાપુરુષ આવી કૃપા કરે – એ વિચારમાત્રે અંતર ભરાઈ આવ્યું.

બન્યું પણ એમ જ, ગણતરીના દિવસોમાં જ રોગ શમતો ગયો અને શરીર સાવ સાજું-નરવું થઈ ગયું !!

રતનસિંહને થયું કે તેની વેદના, એ અભિશાપ હતો કે જીવનની અણમોલ અને અપૂર્વ આનંદની ક્ષણ !?

ઢૂંકડ અને ઓદરકા.

ભાવનગર પાસે આવેલાં આ બે નાનાં ગામ વચ્ચે આવેલી નાનકડી ચરિયાણ જમીનના ૨૦૦ વર્ષ જૂના સીમાવિવાદે માઝા મૂકી હતી.

બંને ગામના શૂરવીર ગરાસિયા દરબારો એવા તો મમતે ચઢ્યા હતા કે આ વિવાદે અનેક વાર ધીંગાણાં ખેલાયેલાં અને તેમના વડવાઓ ખપી ગયેલા. અગનજ્વાળાઓ ઓકતો એ વૈરાગ્નિ છેલ્લા કેટલાય દાયકાઓથી એવો ને એવો જ ભભૂકતો રહ્યો હતો. એકબીજાનાં ગામનાં પાણી પણ હરામ કર્યાં હતાં. બસો બસો વર્ષોથી આ 'અપૈયા'(પાણીયે ન પીવાની પ્રતિજ્ઞા)ની જંજીર વધુ ને વધુ મજબૂત થતી હતી. ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી, અનેક અંગ્રેજ અધિકારીઓ તેમજ બીજા અનેક મહાનુભાવોએ સમાધાનના પ્રયાસો કરેલા, પરંતુ એ વેરની આગ શમી ન હતી. અને એમાં ને એમાં કંઈ કેટલાય મોતના ખપ્પરમાં હોમાઈ ગયા હતા.

એવામાં, સ્વામીશ્રીના પલભરના સત્સંગે ઘોઘા પંથકના ખૂંખાર ગણાતા રામસંગ બાપુનું જીવનપરિવર્તન કર્યું. એક સમયના એ ખૂંખાર માણસને હવે આ વેર ડંખવા લાગ્યાં. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી કે અમારાં આ વેરઝેર આપ જ શમાવો. આપના સિવાય એ કોઈથી બને તેમ જ નથી.

અને, ઇતિહાસમાં ૧૨મી એપ્રિલ, ૧૯૯૦નો દિવસ કંઈક જુદો જ ઊગ્યો. સ્વામીશ્રી ઓદરકા પધાર્યા. પેલી વાંધાળી જમીન પર પહોંચ્યા. અગાઉ ધીંગાણામાં ખપી ગયેલા વડવાઓના પાળિયા ત્યાં હાલ મોજુદ છે. અહીં સ્વામીશ્રીએ વેરઝેરમાં સપડાયેલાં એ પાંચેય ગામોનાં કૂવાઓનાં જળ અને ઓદરકાના કૂવાનાં જળ મિશ્રિત કરીને કળશ ભરાવ્યા હતા. સ્વામીશ્રીએ એ દરેકનું પૂજન કરી, તેમાં ઠાકોરજીની પ્રસાદીનું જળ ઉમેર્યું. એક કલાક સુધી શ્લોકગાન ગૂંજતું રહ્યું. મહાપૂજા વિધિ ચાલી. પિતૃમોક્ષ અને અપૈયાની સમાપ્તિના સંકલ્પો કરાવ્યા.

સ્વામીશ્રીએ જાતે દરેક પાળિયાને પંચામૃત-સ્નાન કરાવ્યું. પેલાં

પાંચેય ગામોનાં જળથી દરેક પાળિયા પર અભિષેક કર્યો. દરબારોને તેમના પિતૃઓને સ્નાન કરાવવાની તક આપી. આરતી ઉતારી. સૌરાષ્ટ્રના ક્ષત્રિય સમાજના સર્વે અગ્રેસરો આ અવસરે ઉપસ્થિત રહ્યા.

અને અંતે સ્વામીશ્રીએ બંને ગામના દરબારોને જાતે જ અમૃતજળ પાયાં. ૨૦૦ વર્ષથી ભભૂકતો વૈરાગ્નિ પલવારમાં જ શમી ગયો!! ભાવનગર જિલ્લામાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતવર્ષમાં નોંધ લેવાય એવો એ અભૂતપૂર્વ પ્રસંગ હતો.

દરબારો અંદરો અંદર વાત કરતા હતા: 'આ ઘટના ચમત્કાર જ કહેવાય. પ્રમુખસ્વામી સિવાય આ કરવાનું કોઈનું ગજું નહીં...'

સૌ ઉપર આશીર્વર્ષા કરતાં અજાતશત્રુ સ્વામીશ્રીએ સૌને કહ્યું: 'આજે ખૂબ જ આનંદ થયો છે. આજે બધાએ ભેગા થઈને વર્ષોનું જૂનું બંધન તોડ્યું. બહુ જ ઉદારદિલથી, મુક્ત મનથી, આજે જૂના વેરનું નિરાકરણ થાય છે. ભગવાન સ્વામિનારાયણની દૃષ્ટિ આ ગામો પર છે. વેરઝેર મૂકવાં એ માનવતા છે. વેરઝેર ભૂલીશું તો જ વિકાસ થશે. આ અપૈયા તોડ્યા છે, પણ એક અપૈયા રાખવાના છે; દારૂના અપૈયા!

ભગવાન અને સંતનું કાર્ય એકબીજાને નજીક લાવવાનું છે. સૌ દરેકને ઉપયોગી બની, દરેકની સેવા કરી, ભક્તિ કરીને મોક્ષ કરી શરીરને સફળ બનાવીએ એ પ્રાર્થના.'

જ્યાં વેરની જ્વાળા ભડકતી હતી ત્યાં આજે પ્રીતની સરવાણીઓ ફૂટી નીકળી! ચારે તરફ ઉમંગ વ્યાપી ગયો.

પણ સૌથી વધુ ઉમંગ સ્વામીશ્રીને હતો, કંઈક જીવોનાં અંતરે શાંતિ થયાનો ઉમંગ!

> 'કકડીને ભૂખ લાગી હોય ત્યારે સામે હીરા, માણેક અને સોનું મૂકવામાં આવે તો ભૂખ જાય? તેમ આત્માને શાંતિની ભૂખ છે, તે ભૌતિક સાધનોથી ન જાય. સંતસમાગમથી જ જાય. આત્માનો તે ખોરાક છે.'
>
> **– પ્રમુખસ્વામી મહારાજ**

'બાપા! આ શ્રી ફ્રેન્ક આપની સાથે વાત કરવા માગે છે. એમને કંઈક કહેવું છે.'

ઈંગ્લેન્ડના લેસ્ટર શહેરમાં પત્રલેખન આટોપી સ્વામીશ્રી એક મોટી જાહેરસભામાં જવા માટે તૈયાર થયા એ વખતે આનંદસ્વરૂપદાસ સ્વામી તેમની પાસે એક અંગ્રેજને લઈ આવ્યા.

ફ્રેન્કે પોતાની વીતક કથા કહેવા માંડી:

'મારો ૧૭ વર્ષનો પુત્ર હતો. તેને માનસિક સારવાર માટે મનોચિકિત્સકો પાસે અમે લઈ ગયા. તો તેમણે એને ગાંડો ગણી ગાંડાની હોસ્પિટલમાં દાખલ કરી દીધો. તેને સખત આઘાત લાગ્યો. એ અવારનવાર આ સંબંધમાં પ્રશ્નો પૂછતો અને પગ પછાડીને કહેતો કે હું ગાંડો નથી ને મને શા માટે અહીં પૂરી રાખ્યો છે? અમે સાંત્વન આપતા. પણ એક વાર હોસ્પિટલની સાત ફૂટ ઊંચી દીવાલ પર ચડીને ભાગી ગયો. નજીકના ઘરના છાપરે ચડી, ચીમની પર દોરડું બાંધી, ફાંસો ખાઈ એણે આપઘાત કર્યો...'

શ્રી ફ્રેન્ક હવે ભાવવશ થઈ ગયા: 'આ પછી હું બહુ દુઃખી છું. તેની મા પણ ખૂબ અશાંત છે. ક્યાંય ચેન પડતું નથી. અમારી ભૂલથી જ તેને આપઘાત કરવો પડ્યો એમ લાગ્યા કરે છે. લોકો કહે છે કે તમે જ એને પૂરતો પ્રેમ નહીં કર્યો હોય! આ સાંભળી અમારું દિલ પણ ખટક્યા કરે છે. અશાંતિ અશાંતિ... શું કરવું તે સમજાતું નથી...'

સ્વામીશ્રી તેમના માનસને સમજ્યા. એમણે કહ્યું: 'તમે એને હેત કરતા?'

'હા, સ્વામીજી! અમને એના માટે ખૂબ પ્રેમ હતો.'

'તેની સારવાર કરવામાં કાંઈ બાકી રાખેલું?'

'જરા પણ નહીં, બધો જ ભાર વેઠી લેવા તત્પર હતાં.'

સ્વામીશ્રીએ એમને આશ્વાસન આપતાં કહ્યું: 'તો જુઓ, તમે અંતરથી નિષ્કપટ છો. તેના આપઘાતનું કારણ તમે નથી. ભગવાનને ગમ્યું તે ખરું. બોજ માથે ન રાખવો. ભાર રહે તો ટેન્શન થઈ જાય. ગયો

છે, તે પાછો નહીં આવે. માટે શાંતિ મેળવવા દર રવિવારે ચર્ચમાં જવું. ત્યાં પ્રાર્થના કરવી. આમાં દીકરાનોય વાંક નથી, તમારોય વાંક નથી.'

આનંદસ્વરૂપદાસ સ્વામી ભાષાંતર કરી રહ્યા એટલે સ્વામીશ્રીએ કહ્યું: 'તેને કહો કે ધર્માદો કરે.'

આનંદસ્વરૂપદાસ સ્વામી તો અચંબો પામી ગયા. એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું: 'તેને કહો કે ધર્માદો કરે, તેના ચર્ચમાં જ ધર્માદો કરે એમ કહો.'

ફ્રેન્ક આ અદ્‌ભુત નવી વાત સાંભળી આનંદમાં આવી ગયા.

વિદાય લેતાં ફ્રેન્ક હળવા અવાજે બોલી ઊઠ્યા: 'શાંતિ... શાંતિ... શાંતિ...! આજે મારું બધું ટેન્શન દૂર થયું છે. ક્યારેય ન અનુભવેલી શાંતિનો આજે મેં અનુભવ કર્યો.'

અતિશય હળવા બની, શાંત થઈ તેમણે વિદાય લીધી.

ચર્ચમાં પાદરીને વાત કરી કે હિન્દુસ્તાનથી કોઈ અજબ ઓલિયા આવ્યા છે. મને એમણે મનની ખૂબ શાંતિ આપી. એટલું જ નહિ, એમણે આપણા જ ધર્મમાં દૃઢ રીતે જોડાવા મને આજ્ઞા આપી.

પાદરી આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે ફ્રેન્કને કહ્યું કે 'આપણા ચર્ચની સભામાં આ વિશાળ હૃદયી ઓલિયા મહાપુરુષની આ વાત કરજે.'

ફ્રેન્કે ચર્ચના સમૂહમાં આ વાત કરી, સૌને લાગ્યું કે પૃથ્વી પર પ્રભુના ફિરસ્તા આ કરાળ કળિકાળમાંય વિચરે છે.

પ્રભુ હજુ દયાહીન નથી થયો... (૧૯૯૪)

સેવક સંતની ઊંઘ અચાનક ઊડી ગઈ.

ક્યાંકથી ધીમો ધીમો અવાજ આવી રહ્યો હતો.

આખું લંડન શહેર અને વિશાળ સ્વામિનારાયણ મંદિરમાં બીજે બધે જ સૂમસામ હતું ત્યારે મોડી રાતના અઢી વાગે આ અવાજ શાનો હતો ?

સેવક સંત અવાજ પારખી ગયા. સ્વામીશ્રીની પથારી તરફ નજર કરી તો ત્યાંથી જ એ ધીમો રવ આવી રહ્યો હતો :

'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'

નીરવ શાંતિઃ અનોખું એકાંતઃ સ્વામીશ્રી પથારીમાં બેઠા થઈ આંખો મીંચીને બે હાથ જોડીને પ્રાર્થનામુદ્રામાં બેઠા હતા, ખૂબ ધીમા સ્વરે 'સ્વામિનારાયણ' મહામંત્ર રટતા હતા.

થોડી વાર તો તેઓ પણ સ્વામીશ્રી સાથે ધૂન કરવા લાગ્યા. પરંતુ ઘણોબધો સમય વ્યતીત થઈ ગયો. સેવકની ધીરજ ખૂટી. નેત્રો મીંચીને મહામંત્રના રટણમાં લેલીન સ્વામીશ્રીને ધીમે રહીને સેવક સંતે પૂછ્યું : 'બાપા ! પોઢવું નથી ? શાની પ્રાર્થના-ધૂન કરો છો ?'

કોઈ જાગીને પોતાની નોંધ લે છે એ જાણીને તેઓ પલભર તો સંકોચાઈ ગયા. પછી ધીમેથી કહે : 'ભારતમાં દુષ્કાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું, જેથી સુકાળ થાય ને પશુ-પ્રાણીઓ ને મનુષ્યો સુખી થાય.'

સેવક સંતે આશ્ચર્ય પામતાં પૂછ્યું : 'આવી પ્રાર્થના ક્યારે કરો છો ?'

સેવકના આગ્રહથી ખૂબ જ નામરજી સાથે ટૂંકમાં જ સ્વામીશ્રીએ કહ્યું : 'ઘણી વાર રાત્રે પ્રાર્થના કરું છું, જે લોકો દિવસ દરમ્યાન મારી પાસે એમના પ્રશ્નો લઈને આવે છે તેમના માટે.'

પરહિત માટે મધરાતે જાગી જઈને પ્રાર્થના કરનારા એ મહાપુરુષની ભજનની લગનીને આશ્ચર્યચકિત થઈ સેવક નીરખતા રહ્યા. તેઓ વિચારમાં રહ્યા અને ખળખળ વહેતી પરોપકારની ગંગા જેવો સ્વામીશ્રીનો ધીમો મધુર નાદ ફરીથી ગુંજવા લાગ્યો :

'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' (૧૯૯૦)

૧૯૮૧ના માર્ચ-એપ્રિલ માસની ઘટના છે.

એક તરફ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના પડઘમ ગુંજી રહ્યા હતા. તો બીજી તરફ અનામત આંદોલનના પ્રશ્ને ગુજરાત ભડકે બળતું હતું. ચાલુ ઉત્સવે પણ અમદાવાદ શહેરમાં તોફાનનાં છમકલાંઓ સૌને થડકાવી દેતાં હતાં.

સુભાષબ્રિજને છેડે 'સ્વામિનારાયણ નગર'માં ભક્તિનો એક દિવ્ય માહોલ સર્જાયો હતો. મહોત્સવના મુખ્ય દિવસે, તા. ૧૨-૪-'૮૧ના રોજ 'સ્વામિનારાયણ નગર'માં કંતાનની બાંધેલી એક નાની સરખી ઓરડીમાં સ્વામીશ્રીને કેટલાક પત્રકારો ઘેરી વળ્યા હતા.

એક પત્રકારે સ્વામીશ્રીને પૂછ્યું: 'અત્યારે શહેરમાં ઠેર ઠેર અનામત આંદોલનને કારણે ધમાલ, કર્ફ્યુ વગેરે ચાલે છે, તેના ઉકેલ માટે આપે કાંઈ કાર્ય કર્યું છે?'

સ્વામીશ્રીએ શાંત ગંભીરતાથી ઉત્તર આપ્યો: 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય...'

'એમ નહીં,' પત્રકારે કહ્યું: 'શેરીઓમાં, ગલીઓમાં, લત્તે-લત્તે જાતે જઈને આપની સંસ્થાએ શું કર્યું છે જેથી પ્રશ્ન હલ થાય? પ્રાર્થના દ્વારા આ પ્રશ્ન ઊકલશે?'

'હા!' સ્વામીશ્રી દૃઢતાથી બોલ્યા: 'અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે!'

આધ્યાત્મિક દિશાથી વંચિત એ પત્રકારને સ્વામીશ્રીના આ પ્રત્યુત્તરથી ઝાઝો સંતોષ થયો નહીં. જો કે એટલું ચોક્કસ સમજાયું કે તેઓ બોલતા હતા તેમાં શ્રદ્ધાનો રણકાર અનન્ય હતો.

એ જ દિવસે રાત્રે મુખ્ય ઉત્સવ સભામાં જ સ્વામીશ્રીએ માઈક ઉપર જાહેરમાં જ ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના ઉચ્ચારી અને કહ્યું કે 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય અને રાજનેતા ને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ...' એમ કહી ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી.

અને સૌને આશ્ચર્ય તો ત્યારે થયું કે બીજે જ દિવસે સતત દોઢ-બે મહિનાથી ઝનૂનથી લડતા આંદોલનકારોએ અચાનક જ કોઈપણ પૂર્વ શરત વિના આંદોલન સમેટી લીધું! આંદોલનનો સુખદ અંત આવ્યો!

વર્તમાનપત્રમાં એક તરફ સ્વામીશ્રીનો પત્રકાર સાથેનો વાર્તાલાપ અને બીજી તરફ તદ્દન અશક્ય જણાતા એ સુખદ સમાધાનના સમાચાર!

આ ચમત્કાર હતો કે બીજું કાંઈ?

બંને સમાચારો પર નજર નાંખતા એ પત્રકારને હવે સમજાયું કે સ્વામીશ્રી જેવા મહાપુરુષની પ્રાર્થના અને શબ્દોનું શું વજન હોય છે!

**પ્રશ્ન :** આપ કંઈ ભવિષ્ય ભાખો છો? ભવિષ્ય કેવું છે?

**સ્વામીશ્રી :** ભગવાન ભજશે અને તેમના નિયમ પાળશે તો ભવિષ્ય સારું જ છે.

**પ્રશ્ન :** ૨૧મી સદી ટેક્નોલોજીની હવા અંગે આપ કાંઈક કહેશો?

**સ્વામીશ્રી :** આપણે સારું જીવન જીવીએ તો ૨૧મી સદીમાં જ બેઠા છીએ. આપણે સૌ 'સતયુગ આ રહા હૈ' એવી વાતો સાંભળીએ છીએ, પરંતુ ધર્મ-નિયમમાં રહી દારૂ, ચોરી, ભ્રષ્ટાચાર ન કરીએ તો અત્યારે સતયુગ જ છે. આપણું જીવન શુદ્ધ હોય તો સતયુગ જ છે. આ રીતે માનવી જ્યાં સુધી વ્યક્તિગત પ્રગતિ ન કરે ત્યાં સુધી ૨૨મી સદીમાં પ્રવેશ કરશે તો પણ તેને માટે તે પથ્થરયુગ જ છે.

**પ્રશ્ન :** ધર્મ-ધર્મ ઝઘડે છે એનું કારણ શું?

**સ્વામીશ્રી :** ધર્મ તો એક જ છે. તે માનવતા, સદાચાર અને બધાને સાચું માર્ગદર્શન આપે છે. ધર્મ સારું શીખવે છે. ઝઘડા તો માણસોનાં અંગત અહં-મમત્વનું કારણ છે. ધર્મ ભાગલા પાડવાનું શીખવે જ નહીં. ઝઘડા ધર્મના નથી પણ પોલિટિક્સ-રાજકારણના છે.

**પ્રશ્ન :** વિશ્વમાં શાંતિ શેનાથી શક્ય છે?

**સ્વામીશ્રી :** જીવનમાં ધર્મનું અનુસરણ કરાય ને પરસ્પર સહિષ્ણુતા કેળવાય, તો વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય.